
સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC


CURRENT AFFAIRS

WEEK 39 (25/09/22 to 01/10/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)










JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**25 SEP-2022**


- દિવસ મહિમા : 25 સપ્ટેમ્બર, અંત્યોદય દિવસ ........ 02
- 'આંબેડકર સર્કિટ' (Ambedkar Circuit) ........ 02
- RECને મહારત્નનો દરજ્જો ........ 03
- QUESTION ANSWERS ........ 06


**26 SEP-2022**


- દિવસ મહિમા : 26 સપ્ટેમ્બર, પરમાણુ શસ્ત્રોની નાબૂદિ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ........ 07
- ઓપરેશન મેઘ ચક્ર (Operation Megh Chakra) ........ 07
- દુલીપ ટ્રોફી 2022-23 : વેસ્ટ ઝોન ચેમ્પિયન ........ 09
- QUESTION ANSWERS ........ 10


**27 SEP-2022**


- દિવસ મહિમા : 27 સપ્ટેમ્બર, વિશ્વ પ્રવાસન દિવસ (World Tourism Day) ........ 11
- મૃત્યુ દંડ પર સુપ્રીમ કોર્ટનો સંદર્ભ ........ 11
- શ્રી એલ્વિસ અલી હઝારિકા નોર્થ ચેનલ પાર કરનાર પૂર્વોત્તર પ્રદેશમાંથી પ્રથમ તરવૈયા બન્યા ........ 13
- સેમિકન્ડક્ટર ચિપ્સના ઉત્પાદન માટે સુધારેલી PLI યોજના ........ 13
- QUESTION ANSWERS ........ 17


**28 SEP-2022**


- દિવસ મહિમા : 28 સપ્ટેમ્બર, વિશ્વ હડકવા દિવસ (World Rabies Day), માહિતીની સાર્વત્રિક પહોંચ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ........ 18
- જલદૂત એપ્લિકેશન (Jaldoot App) ........ 19
- ડ્યુઅલ એસ્ટરોઈડ રીડાયરેક્ટ ટેસ્ટ (DART) મિશન : NASA ........ 21
- QUESTION ANSWERS ........ 24


**29 SEP-2022**


- દિવસ મહિમા : 29 સપ્ટેમ્બર, વિશ્વ હૃદય દિવસ (World Heart Day), આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ (International Day of Awarness on Food loss and Wast Reduction) ........ 25
- વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ ........ 26
- સશ્રી જ્યોર્જિયા મેલોની ઈટાલીના પ્રથમ મહિલા વડાપ્રધાન બનશે ........ 27
- QUESTION ANSWERS ........ 28


**30 SEP-2022**


- દિવસ મહિમા : 30 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ (International Translation Day) ........ 29
- સુપ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી આશા પારેખ 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર'થી સન્માનિત ........ 29
- ભારતના બીજા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકે લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણની નિમણૂક ........ 31
- વાયુ પ્રદુષણ ઘટાડવાનો નવો ધ્યેય ........ 34
- QUESTION ANSWERS ........ 35


**01 OCT-2022**


- દિવસ મહિમા : 01 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ અથવા આંતરરાષ્ટ્રીય પ્રૌઢ દિવસ (International Day of Older Persons), વિશ્વ શાકાહાર દિન (World Vegetarian Day) ........ 36
- WIPO દ્વારા પ્રસિદ્ધ થયેલા Global Innovation Index-2022માં ભારત 40મા ક્રમે ........ 36
- QUESTION ANSWERS ........ 38

**ONE LINER** ........ 39

**QUESTION OF THIS WEEK** ........ 44


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 સપ્ટેમ્બર, અંત્યોદય દિવસ



પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જન્મ જયંતિ નિમિત્તે દર વર્ષે 25 સપ્ટેમ્બરને ભારતમાં 'અંત્યોદય દિવસ' (Antyodaya Divas) તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસ ભારત સરકાર દ્વારા 25 સપ્ટેમ્બર, 2014ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો અને વર્ષ 2015 થી સત્તાવાર રીતે ઉજવવામાં આવે છે.
- દેશના રાષ્ટ્રવાદી ચળવળના મહાન વિચારકોમાંના એક શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાયનો જન્મ 25 સપ્ટેમ્બર, 1916ના રોજ ઉત્તરપ્રદેશ રાજ્યના મથુરા જિલ્લાના નાગલા ચંદ્રભાન ગામમાં થયો હતો.
- પંડિત દીનદયાળ ઉપાધ્યાય એક તત્વજ્ઞાની, સમાજશાસ્ત્રી, અર્થશાસ્ત્રી અને રાજકીય નેતા હતા.
- તેમના દ્વારા પ્રસ્તુત ફિલસૂફિને 'એકાત્મક માનવતાવાદ' (Integral Humanism) કહેવામાં આવે છે. જેનો ઉદ્દેશ 'સ્વદેશી સામાજિક–આર્થિક મોડેલ' રજૂ કરવાનો હતો જેમાં માનવી વિકાસના કેન્દ્રમાં છે.
- વર્ષ 1942માં તેઓ 'રાષ્ટ્રીય સ્વયં સંઘ' (RSS)માં પૂર્ણ–સમયના કાર્યકર તરીકે જોડાયા હતા.
- તેમણે 'રાષ્ટ્ર ધર્મ' નામનું માસિક મેગઝિન શરૂ કર્યુ હતું. જેનો ઉદ્દેશ હિન્દુત્વ રાષ્ટ્રવાદની વિચારધારાને ફેલાવવાનો હતો. આ ઉપરાંત તેઓએ પંચજન્ય અને સ્વદેશ જેવા સામયિકો પણ શરૂ કર્યા હતા.
- વર્ષ 1967માં તેઓ જનસંઘના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 'આંબેડકર સર્કિટ' (Ambedkar Circuit)

ભારત સરકાર સૂચિત 'આંબેડકર સર્કિટ' (Ambedkar Circuit)ને પ્રોત્સાહન આપવા માટે વિશેષ એસી ટ્રેનનો ઉપયોગ કરવાનું વિચારી રહી છે.

- જેમાં ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંબંધિત પાંચ મુખ્ય સ્થળનો સમાવેશ થાય છે.

### આંબેડકર સર્કિટ

સરકારે સૌપ્રથમ વર્ષ 2016માં આંબેડકર સર્કિટ અથવા પંચતીર્થની દરખાસ્ત કરી હતી. પરંતુ તાજેતરમાં આ યોજનાનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પાંચ સ્થળોને 'પંચતીર્થ' તરીકે જાહેર કરી તેનો વિકાસ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થ

| ક્રમ | સ્થળ | વિશેષતા |
|---|---|---|
| 1 | મહુ (મધ્યપ્રદેશ) | જન્મભૂમિ |
| 2 | નાગપુર (મહારાષ્ટ્ર) | દીક્ષાભૂમિ |
| 3 | લંડન (ઈંગ્લેન્ડ) | ઈંગ્લેન્ડમાં નિવાસ સ્થાન (ડો. બાબાસાહેબ સ્મારક નિવાસ) |
| 4 | અલિપુર રોડ (દિલ્હી) | મહાપરિનિર્વાણ ભૂમિ |
| 5 | મુંબઈ (મહારાષ્ટ્ર) | ચૈત્યભૂમિ |

નોંધ : (1) સરકારે વર્ષ 2014-15માં સ્વદેશ દર્શન યોજના હેઠળ 15 પ્રવાસી સર્કિટની ઓળખ કરી હતી.

(2) જેમાં રામાયણ સર્કિટ, બૌદ્ધ સર્કિટ, કોસ્ટલ સર્કિટ, ડેઝર્ટ સર્કિટ, ઈકો સર્કિટ, વિરાસત, નોર્થ ઈસ્ટ, હિમાલય, સૂફિ, કૃષ્ણ, ગ્રામીણ, આદિવાસી અને તીર્થંકર સર્કિટનો સમાવેશ થાય છે.

## RECને મહારત્નનો દરજ્જો

તાજેતરમાં **Rural Electrification Corporation Limited (REC)**ને ‘મહારત્ન’ સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ (CPSE)નો દરજ્જો આપવામાં આવ્યો છે.

- REC લિમિટેડ મહારત્નનો દરજ્જો મેળવનારી દેશની 12મી કંપની છે.

### REC

રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન (REC) એ નોન–બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC) છે, જેની સ્થાપના વર્ષ 1969માં કરવામાં આવી હતી, જે સમગ્ર ભારતમાં પાવર સેક્ટરના ધિરાણ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

- તે પાવર મંત્રાલય હેઠળ આવે છે.
- તેનો હેતુ ભારતના પાવર સેક્ટરના વિકાસ અને ધિરાણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.
- તે રાજ્ય વીજળી બોર્ડ, રાજ્ય સરકારો, કેન્દ્ર અથવા રાજ્ય ઉપયોગિતાઓ, સ્વતંત્ર વીજ ઉત્પાદકો, ગ્રામીણ ઈલેક્ટ્રિક સહકારી સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રની ઉપયોગિતાઓને નાણાકીય સહાય પૂરી પાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- <u>નાણાકીય વર્ષ 22</u>માં તેણે <u>રૂ. 10,046 કરોડ</u>નો અત્યાર સુધીનો સૌથી ચોખ્ખો નફો કર્યો હતો અને <u>રૂ. 50,986 કરોડની નેટવર્થ</u> સુધી પહોંચી હતી.
- આ સિદ્ધિ મુખ્યત્વે ખર્ચ–અસરકારક સંસાધન વ્યવસ્થાપન અને મજબૂત નાણાકીય નીતિઓને કારણે પ્રાપ્ત થઈ હતી.
- નીચે મુજબ ભારત સરકારની મુખ્ય યોજનાઓ માટે તેને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે :

  (1) પ્રધાનમંત્રી સહજ બિજલી હર ઘર યોજના (સૌભાગ્ય)

  (2) દીન દયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના (DDUGJY)

  (3) નેશનલ ઈલેક્ટ્રિસિટી ફંડ (NEF)
- આ ઉપરાંત <u>ઉજ્જવલ ડિસ્કોમ એશ્યોરન્સ યોજના (UDAY)</u>ની દેખરેખમાં REC પાવર મંત્રાલયને પણ મદદ કરે છે.

## REC માટે મહારત્નનો દરજ્જો મળવાના ફાયદા

મહારત્નનો દરજ્જો નાણાકીય નિર્ણય લેતી વખતે રાજ્ય સંચાલિત કંપનીના બોર્ડને વધુ શક્તિ પ્રદાન કરે છે.

- મહારત્ન સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝનું બોર્ડ નાણાકીય સંયુક્ત સાહસો અને સંપૂર્ણ માલિકીની પેટાકંપનીઓમાં સામેલ થવા માટે ઈક્વિટી રોકાણ કરી શકે છે તથા ભારત અને વિદેશમાં મર્જર અને એક્વિઝેશન હાથ ધરી શકે છે.
- આ શક્તિ સંબંધિત CPSEની નેટવર્થના 15 ટકાની ટોચમર્યાદા સુધી મર્યાદિત છે, જે એક પ્રોજેક્ટમાં <u>રૂ. 5000 કરોડ</u> સુધી મર્યાદિત છે.
- બોર્ડ કર્મચારીઓ અને માનવ સંસાધન વ્યવસ્થાપન અને તાલીમને લગતી યોજનાઓની રચના અને અમલીકરણ પણ કરી શકે છે.
- મહારત્નનો દરજ્જો RECને ટેકનોલોજી સંયુક્ત સાહસો અને અન્ય વ્યૂહાત્મક જોડાણોમાં સામેલ થવા સક્ષમ બનાવે છે.

## મહારત્નનો દરજ્જો

મહારત્ન વ્યવસ્થા વર્ષ 2010માં જાહેર ક્ષેત્રના મોટા સાહસોને વૈશ્વિક જાયન્ટ બનાવવાના ઉદ્દેશ્ય સાથે રજૂ કરવામાં આવી હતી.

- મહારત્નનો દરજ્જો એવી કંપનીઓને આપવામાં આવે છે જેણે સતત ત્રણ વર્ષ માટે રૂ. 5000 કરોડથી વધુનો ચોખ્ખો નફો નોંધવ્યો હોય અથવા સતત ત્રણ વર્ષ સુધી સરેરાશ રૂ. 25,000 કરોડનું ટર્નઓવર નોંધ્યું હોય.
- આ દરજ્જો મેળવવા માટે કંપની પાસે ત્રણ વર્ષ માટે સરેરાશ 15,000 કરોડ રૂપિયાની વાર્ષિક નેટવર્થ હોવી જોઈએ.
- ભારતના સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ થવા માટે 'સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ' માટે નવરત્નનો દરજ્જો મેળવવો ફરજિયાત છે.

નોંધ : સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ (CPSE)નો અર્થ એવી કંપનીઓ છે જેમાં કેન્દ્ર સરકાર અથવા અન્ય CPSEનો સિદ્ધો હિસ્સો 51% કે તેથી વધુ છે.

### ભારતની 12 મહારત્ન કંપની

| ક્રમ | કંપની |
|---|---|
| 1 | ભારત હેવી ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BHEL) |
| 2 | ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) |
| 3 | કોલ ઈન્ડિયા લિમિટેડ (CIL) |
| 4 | ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL) |
| 5 | હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) |
| 6 | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) |
| 7 | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) |
| 8 | ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) |
| 9 | પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા |
| 10 | સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (SAIL) |
| 11 | પાવર ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ |
| 12 | રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન લિમિટેડ (RES) |

1. ભારતમાં કયા દિવસના રોજ 'અંત્યોદય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 24 સપ્ટેમ્બર (B) 25 સપ્ટેમ્બર (C) 26 સપ્ટેમ્બર (D) 27 સપ્ટેમ્બર **(B)**

2. ભારતમાં કોનો જન્મ દિવસ 'અંત્યોદય દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

(A) પંડિત દીનદયાળ ઉપાધ્યાય (B) શ્રી લાલ બહાદુર શાસ્ત્રીજી

(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી લાલા લજપતરાયજી **(A)**

3. ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?

(A) નાગપુર (મહારાષ્ટ્ર) (B) લંડન (ઈંગ્લેન્ડ)

(C) મુંબઈ (મહારાષ્ટ્ર) (D) પેરિસ (ફ્રાન્સ) **(D)**

4. ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થ અને તેની વિશેષતાને યોગ્ય રીતે જોડો ?

| | |
|---|---|
| (a) મહુ | (1) ચૈત્ય ભૂમિ |
| (b) નાગપુર | (2) જન્મ ભૂમિ |
| (c) લંડન | (3) દીક્ષા ભૂમિ |
| (d) અલિપુર રોડ (દિલ્હી) | (4) નિવાસ સ્થાન |
| (e) મુંબઈ | (5) મહાપરિનિર્વાણ ભૂમિ |

(A) a-3, b-2, c-4, d-5, e-1 (B) a-2, b-3, c-4, d-5, e-1

(C) a-3, b-2, c-1, d-5, e-4 (D) a-2, b-3, c-4, d-1, e-5 **(B)**

5. નીચેનામાંથી કઈ કંપનીને તાજેતરમાં 'મહારત્ન' કંપનીનો દરજ્જો મળ્યો છે ?

(A) ચેન્નાઈ પેટ્રોલિયમ કોર્પોરેશન (B) ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ

(C) ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (D) રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન લિમિટેડ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 26 સપ્ટેમ્બર, પરમાણુ શસ્ત્રોની નાબૂદિ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 26 સપ્ટેમ્બરના રોજ 'પરમાણુ શસ્ત્રોની નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ પરમાણુ શસ્ત્રોની મહાવિનાશક અને ભયાવહ અસરથી માનવજાતિને બચાવવાનો છે.
- આથી, આ દિવસની ઉજવણી અંતર્ગત સમગ્ર વિશ્વમાં પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટે જાગૃતિ કેળવવામાં આવે છે.
- સમગ્ર વિશ્વમાંથી પરમાણુ શસ્ત્રોની નાબૂદી માટે 26 સપ્ટેમ્બર, 2013ના અમેરિકાના ન્યૂયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીની હાઈલેવલની મીટિંગનું આયોજન થયું હતું.
- આથી, આ મીટિંગની સ્મૃતિમાં દર વર્ષે 26 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા ડિસેમ્બર, 2013 દરમિયાન આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ મંજૂરી બાદ વર્ષ 2014થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.

## ઓપરેશન મેઘ ચક્ર (Operation Megh Chakra)

તાજેતરમાં CBIએ ઓનલાઈન ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટીરિયલ્સના ફેલાવાને રોકવા માટે ઓપરેશન મેઘ ચક્ર શરૂ કર્યુ હતું.

### ઓપરેશન મેઘ ચક્ર




સિંગાપોર અને ન્યુઝિલેન્ડના ઈન્ટરપોલ એકમની પાસેથી ગુપ્ત માહિતી મળ્યા બાદ 'ઓપરેશન મેઘ ચક્ર' હાથ ધરવામાં આવ્યું હતું.

- તે બાળ જાતીય શોષણ સામગ્રી (CSAM)ના ફેલાવા અને વહેંચણી સામે CBI દ્વારા સમગ્ર ભારતમાં હાથ ધરવામાં આવેલું અભિયાન છે.
- 20 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં 59 સ્થળોએ સર્ચ કરવામાં આવ્યું હતું.

- **CBIએ બે કેસ દાખલ કર્યા છે જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે મોટી સંખ્યામાં ભારતીય નાગરિકો ક્લાઉડ–આધારિત સ્ટોરેજનો ઉપયોગ કરીને CSAMના ઓનલાઈન સર્ક્યુલેશન, ડાઉનલોડિંગ અને ટ્રાન્સમિશનમાં સામેલ છે.**
- **હિમાચલપ્રદેશ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ગુજરાત, ગોવા, કર્ણાટક, તેલંગાણા, તમિલનાડુ અને અન્યમાં સર્ચ કરવામાં આવ્યું હતું.**
- **દરોડામાં શંકાસ્પદ લોકોના મોબાઈલ ફોન અને લેપટોપ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા.**
- **આ દરોડામાં મોટી માત્રામાં ચાઈલ્ડ પોર્નોગ્રાફી મળી આવી હતી.**

**નોંધ :** **(1) આવુ જ એક ઓપરેશન CBI દ્વારા નવેમ્બર, 2021માં 'ઓપરેશન કાર્બન' નામનો એક કવાયત કોડ હાથ ધરવામાં આવ્યો હતો.**

**(2) ઓપરેશન હેઠળની તપાસના આધારે CBIએ દેશોને મ્યુચ્યુઅલ લીગલ આસિસ્ટન્સ ટ્રીટીઝ (MLATs) હેઠળ આ સિન્ડિકેટ વિશેની માહિતી શેર કરવા અને એકત્ર કરવા વિનંતી કરી છે.**

**(3) ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન (INTERPOL) એ એક આંતર–સરકારી સંસ્થા છે. જે 195 સભ્ય દેશોના પોલીસ દળને સંકલન કરવામાં મદદ કરે છે.**

**(4) દરેક સભ્ય દેશો ઈન્ટરપોલ નેશનલ સેન્ટ્રલ બ્યુરો (NCB)નું આયોજન કરે છે. જે તેમના રાષ્ટ્રીય કાયદા અમલીકરણને અન્ય દેશો અને જનરલ સચિવાલય સાથે જોડે છે. ભારતમાં CBI તેની નોડલ એજન્સી છે.**

**(5) ઈન્ટરપોલનું મુખ્ય મથક ફ્રાન્સના લ્યોનમાં આવેલું છે.**

## CBI

**CBI ભારતની અગ્રણી તપાસ એજન્સી છે.**

- **તેનું પૂરું નામ 'Central Bureau of Investigation' છે.**
- **CBIની સ્થાપના 'Special Police Establishment' (SPE) તરીકે વર્ષ 1941માં થઈ હતી.**
- **ત્યારબાદ તેના અધિકાર અને કાર્યવાહી 'Delhi Special Police Establishment Act, 1946' દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.**
- **અને તેને 1 એપ્રિલ, 1963ના રોજ ગૃહ મંત્રાલયના ઠરાવ દ્વારા તેનું વર્તમાન નામ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન છે.**
- **સ્થાપના સમયે તેનું વડું મથક લાહોર ખાતે હતું.**

- **CBIનું વર્તમાન વડું મથક નવી દિલ્હીમાં લોધી રોડ ખાતે આવેલું છે.**
- **CBIનો મોટો 'Industry, Impartiality, Integrity' છે.**
- **CBI ભારત સરકારના 'કર્મચારી, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય' હેઠળ કાર્ય કરે છે.**

**નોંધ : (1) CBIના પ્રથમ ડિરેક્ટરનું નામ શ્રી ડી.પી. કોહલી છે.**

**(2) CBIના વર્તમાન (સપ્ટેમ્બર, 2022ની સ્થિતિએ) ડિરેક્ટર શ્રી સુબોધ કુમાર જયસ્વાલ છે.**

## દુલીપ ટ્રોફી 2022-23 : વેસ્ટ ઝોન ચેમ્પિયન



**તાજેતરમાં યોજાયેલી દુલીપ ટ્રોફી 2022-23માં સાઉથ ઝોનને 294 રનથી હરાવીને વેસ્ટ ઝોન ચેમ્પિયન બન્યુ છે.**

- **વર્ષ 2022-23 એ દુલીપ ટ્રોફીની 59મી સીઝન હતી.**
- **વર્ષ 2022-23ની આ દુલીપ ટ્રોફી તમિલનાડુ અને પુડુચેરીમાં રમાઈ હતી.**
- **દુલીપ ટ્રોફી 2022-23ની ફાઈનલ મેચ SNR કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ, કોઈમ્બતુર ખાતે યોજાઈ હતી.**
- **જેમાં પ્લેયર ઓફ ધ મેચ શ્રી યશસ્વી જયસ્વાલ બન્યા હતા.**
- **જ્યારે પ્લેયર ઓફ ધ સિરીઝ શ્રી જયદેવ ઉનડકટ બન્યા હતા.**
- **દુલીપ ટ્રોફી 2023માં સૌથી વધુ 497 રન શ્રી યશસ્વી જયસ્વાલએ ફટકાર્યા હતા.**
- **તથા સૌથી વધુ વિકેટ શ્રી રવિશ્રીનિવાસન સાઈ કિશોરએ 17 વિકેટ ઝડપી હતી.**

**નોંધ : (1) વેસ્ટ ઝોનના કેપ્ટન શ્રી અજિંક્ય રહાણે હતા.**

**(2) દુલીપ ટ્રોફી એ ભારતની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટ છે.**

**(3) ગુજરાતના નવાનગરના કુમાર શ્રી દુલીપ સિંહજીના નામ પરથી આ ટુર્નામેન્ટ યોજાય છે.**

**(4) દુલીપ ટ્રોફીની 1961-62માં પ્રથમ સિઝન રમાઈ હતી.**

**(5) વેસ્ટ ઝોન અને નોર્થ ઝોન સૌથી વધુ 18-18 વખત જીતનાર ટીમ છે.**

**1.** 'પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 સપ્ટેમ્બર (B) 25 સપ્ટેમ્બર (C) 26 સપ્ટેમ્બર (D) 27 સપ્ટેમ્બર **(C)**

**2.** તાજેતરમાં CBIએ ઓનલાઈન ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટીરિયલ્સના ફેલાવાને રોકવા માટે કયું ઓપરેશન શરૂ કર્યુ હતું ?

(A) ઓપરેશન સાઉથ (B) ઓપરેશન નોર્થ

(C) ઓપરેશન મેઘ ચક્ર (D) ઓપરેશન વજ્ર ચક્ર **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**3.** CBIના સંદર્ભમાં નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેની સ્થાપના સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ તરીકે 1941માં થઈ હતી.
2. સ્થાપના સમયે તેનું વડું મથક ઈસ્લામાબાદ ખાતે હતું.
3. તે ભારત સરકારના Personal, Public Grievances Pensions મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(A)**

**4.** તાજેતરમાં યોજાયેલી દુલીપ ટ્રોફી 2022-23ની વિજેતા ટીમનું નામ જણાવો ?

(A) સાઉથ ઝોન (B) વેસ્ટ ઝોન (C) નોર્થ ઝોન (D) ઈસ્ટ ઝોન **(B)**

## દિવસ મહિમા : 27 સપ્ટેમ્બર, વિશ્વ પ્રવાસન દિવસ (World Tourism Day)




સમગ્ર વિશ્વમાં સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય તથા આર્થિક મૂલ્યોના પ્રસારમાં પ્રવાસનના યોગદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 27 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ પ્રવાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- United Nations World Tourism Organization (UNWTO) દ્વારા 1980થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વિશ્વ પ્રવાસન દિવસનો રંગ વાદળી છે.
- વર્ષ 2022ની વિશ્વ પ્રવાસન દિવસની થીમ 'Rethinking Tourism' (પર્યટન પર પુનર્વિચાર) છે.
- UNWTO અનુસાર સમગ્ર વિશ્વમાં પ્રવાસન દ્વારા 10% નોકરીઓનું સર્જન થાય છે.

## મૃત્યુ દંડ પર સુપ્રીમ કોર્ટનો સંદર્ભ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે મોટી બેંચને ફાંસીની સજા (મૃત્યુદંડ) આપવા માટેના ધોરણો સંબંધિત મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો હતો.

- હાલના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેંચનું પાંચ જજની બેંચમાં રૂપાંતર એ દલીલ પર આધારિત છે કે આરોપીઓ સામે એક દિવસની સજાની પ્રક્રિયા નિરાશાજનક રીતે નમેલી છે.
- ખંડ પીઠે કહ્યુ કે રાજ્યને સુનાવણીના સમગ્ર સમયગાળા દરમિયાન આરોપીઓ સામે વાંધાજનક સંજોગો રજૂ કરવાની તક આપવામાં આવે છે.
- બીજી તરફ આરોપીઓ તેમના દોષિત ઠરાવ્યા પછી જ તેમની તરફેણમાં સંજાગોને ઓછા કરતા પુરાવા રજૂ કરી શકે છે.

### શું છે મુદ્દો ?

સજાની સુનાવણી ક્યારે અને કેવી રીતે હોવી જોઈએ, સજાના નિર્ધારણ પરની કાર્યવાહી ચુકાદાના દિવસે અથવા થોડા દિવસો પછી થવી જોઈએ કે કેમ તે અંગે વિરોધાભાસી નિર્ણયો છે.

- આ મુદ્દો મૃત્યુદંડની સજા માટે દોષિત ઠરેલા લોકોને અર્થપૂર્ણ તકો આપવાનો છે અને મૃત્યુદંડની સજાને બદલે આજીવન કેદ માટે વધુ સારી દલીલ જેવા પરિબળો અને સંજોગો રજૂ કરવા સંબંધિત છે.
- આ મુદ્દો કાનૂની જરૂરિયાતને કારણે ઉભો થાય છે કે જ્યારે પણ કોર્ટ દોષિત ઠરાવે છે, ત્યારે તેણે સજાની માત્રા પર અલગ સુનાવણી હાથ ધરવી પડે છે.

## કાયદા અને ચુકાદાઓ શું છે ?

ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC)ની કલમ 235 મુજબ, જો આરોપી દોષિત ઠરે તો જજ સજાના પ્રશ્ન પર આરોપીને સાંભળશે અને પછી સજા સંભળાવશે.

- CrPC કલમ 354(3) મુજબ મૃત્યુદંડ અથવા આજીવન કેદની સજાના કિસ્સામાં ચૂકાદામાં જણાવવું આવશ્યક છે કે સજા શા માટે આપવામાં આવી હતી.
- જો સજા મૃત્યુદંડ છે તો ચુકાદામાં 'વિશેષ કારણ' પ્રદાન કરવું પડશે.
- 1980મા 'બચ્ચન સિંહ વિરુદ્ધ પંજાબ રાજ્ય'માં સુપ્રીમ કોર્ટે મૃત્યુદંડની બંધારણીયતાને એ શરતે સમર્થન આપ્યુ હતું કે તે 'રેરેસ્ટ ઓફ રેર' કેસમાં આપવામાં આવશે.
- મહત્ત્વની વાત એ છે કે કોર્ટે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે સજા સંભળાવવાની ટ્રાયલ અલગથી યોજવામાં આવશે, જ્યાં એક જજને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવશે કે શા માટે મૃત્યુદંડ ન આપવી જોઈએ.
- આ સ્થિતિ કોર્ટના અનુગામી ચુકાદાઓમાં પુનરાવર્તિત કરવામાં આવી હતી, જેમાં મિથુ (મિઠુ) વિરુદ્ધ પંજાબ રાજ્ય, 1982માં પાંચ જજની બેંચે ફરજિયાત મૃત્યુદંડને ફગાવી દીધો હતો. કારણ કે સજા પહેલા આરોપીના સુનાવણીના અધિકારનું ઉલ્લંઘન કરે છે.

## ચુકાદાના દિવસે સજા

તમામ કેસોમાં સજા પર અલગ સુનાવણી પ્રેક્ટિસ કરવામાં આવતી હોવા છતાં, મોટા ભાગના ન્યાયાધીશો આવા કેસને પુનઃનિર્ણય માટે ભવિષ્યની તારીખ સુધી મુલતવી રાખતા નથી.

- 'દોષિત' પર ચુકાદો સંભળાવવાની સાથે જ તેઓ બંને પક્ષના વકીલને સજા અંગે દલીલ કરવા કહે છે.
- એવો અભિપ્રાય છે કે 'એક જ દિવસમાં' મૃત્યુદંડનો પુરસ્કાર પ્રતિવાદીને અપૂરતો સમય આપે છે અને તે કુદરતી ન્યાયનું ઉલ્લંઘન છે કારણ કે દોષિતની સજાને ઘટાડી શકે તેવા પરિબળોને એકત્ર કરવા માટે પૂરતો સમય આપવામાં આવતો નથી.
- શ્રેણીબદ્ધ નિર્ણયોમાં સુપ્રીમ કોર્ટે હિમાયત કરી છે કે સજાની સુનાવણી અલગથી કરવામાં આવે, એટલે કે દોષિત ઠરાવ્યા પછી ભવિષ્યની તારીખે.
- જોકે એક પ્રકારના વિરોધાભાસ તરીકે ઘણા ચુકાદાઓએ 'તે જ દિવસે' સજાની પ્રથા જાળવી રાખી છે.

## સંભવિત પરિણામો

બંધારણીય બેંચ સજાના નિર્ણયને લગતા સંજોગો અને પરિબળો પર વ્યાપક દિશા–નિર્દેશ નિર્ધારિત કરી શકે છે.

- સુપ્રીમ કોર્ટ સજા સંભળાવતા પહેલા ટ્રાયલ કોર્ટ માટે આરોપીને સારી રીતે જાણવુ જરૂરી બનાવી શકે છે.
- કોર્ટ મનોવૈજ્ઞાનિકો અને મનોવિશ્લેષણ નિષ્ણાતોની મદદ લઈ શકે છે.

- સજાની પ્રક્રિયાના ભાગરૂપે આરોપીના બાળપણના અનુભવો અને ઉછેર, પરિવારના માનસિક સ્વાસ્થ્યનો ઈતિહાસ અને ભુતકાળના આઘાતજનક અનુભવો અને અન્ય સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોની શક્યતાઓનો અભ્યાસ કરવો જરૂરી બની શકે છે.
- આનો અર્થ એ થઈ શકે છે કે ટ્રાયલ કોર્ટને હવે કરતા વધુ સારી રીતે જાણ કરવામાં આવશે, જ્યારે સજા લાદવામાં આવે તે પહેલા માત્ર શૈક્ષણિક અને આર્થિક સ્થિતિ જેવા મૂળભૂત ડેટાની ખાતરી કરવામાં આવે છે.

## શ્રી એલ્વિસ અલી હઝારિકા નોર્થ ચેનલ પાર કરનાર પૂર્વોત્તર પ્રદેશમાંથી પ્રથમ તરવૈયા બન્યા



આસામના શ્રી એલ્વિસ અલી હઝારિકા નોર્થ ચેનલ પાર કરનાર પૂર્વોત્તર પ્રદેશમાંથી પ્રથમ તરવૈયા બન્યા છે.

- નોર્થ ચેનલ એ ઉત્તરી આયર્લેન્ડ અને સાઉથ-વેસ્ટર્ન સ્કોટલેન્ડ વચ્ચેનું જળક્ષેત્ર છે.
- એલ્વિસ અને તેમની ટીમને આ જળક્ષેત્ર પાર કરવામાં 14 કલાક અને 38 મિનિટનો સમય લાગ્યો હતો.
- આમ શ્રી એલ્વિસ નોર્થ ચેનલ પાર કરનાર સૌથી વૃદ્ધ ભારતીય તરવૈયા પણ બન્યા છે.
- નોર્થ ચેનલ આઈરિશ સમુદ્રને એટલાન્ટિક મહાસાગર સાથે જોડે છે. અને આંતરરાષ્ટ્રીય હાઈડ્રોગ્રાફિક ઓર્ગેનાઈઝેશન (IHO) દ્વારા 'સ્કોટલેન્ડના પશ્ચિમ કિનારે આંતરિક સમુદ્ર' તરીકે સત્તાવાર રીતે વર્ગીકૃત કરાયેલા દરિયાઈ ક્ષેત્રનો એક ભાગ છે.

## સેમિકન્ડક્ટર ચિપ્સના ઉત્પાદન માટે સુધારેલી PLI યોજના


તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતના 10 બિલિયનની ચિપ ઉત્પાદન પહેલને રોકાણકારો માટે વધુ આકર્ષક બનાવવા માટે દેશમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમના વિકાસ માટેની યોજનામાં ફેરફારને મંજૂરી આપી છે.

### ભારતની ચિપ ઉત્પાદન યોજનામાં મંજૂર ફેરફારો

### પૃષ્ઠભૂમિ

વર્ષ 2021માં ભારતમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહિત કરવા માટે ભારતે લગભગ 10 બિલિયનની પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાની જાહેરાત કરી હતી.

- ડિઝાઈન સોફ્ટવેર, IP અધિકારો વગેરે સંબંધિત વૈશ્વિક અને સ્થાનિક રોકાણને પ્રોત્સાહન આપવા માટે ડિઝાઈન–લિંક્ડ ઈનિશિયેટિવ (PLI) યોજનાની પણ જાહેરાત કરવામાં આવી હતી.



## ફેરફારો

યોજનાના અગાઉના સંસ્કરણમાં કેન્દ્ર સરકારે 45nm થી 65nm ચિપ ઉત્પાદન માટે પ્રોજેક્ટ ખર્ચના 30%, 28nm થી 45nm માટે 40% અને 28nm અથવા તેથી ઓછા માટે 50% અથવા અડધા ખર્ચ પુરા પાડ્યા હતા.

- સુધારેલી યોજના તમામ નોડ્સ માટે સમાન 50% નાણાકીય સહાય પૂરી પાડે છે.
- વેદાંતા અને તાઈવાનની ચિપમેકર ફોક્સકોને ગુજરાતમાં રૂ. 1,54,000 કરોડના સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપવા માટે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે.
- અન્ય બે પ્રોજેક્ટ્સની પણ જાહેરાત કરવામાં આવી છે : (1) ઈન્ટરનેશનલ કન્સોર્ટિયમ ISMC દ્વારા કર્ણાટકમાં 3 બિલિયન ડોલરનો પ્લાન્ટ, (2) સિંગાપોરના IGSS વેન્ચર્સ દ્વારા તમિલનાડુમાં 3.5 બિલિયન ડોલરનો પ્લાન્ટ.
- સુધારેલી યોજનામાં 45nm ચિપના ઉત્પાદન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. જે ઉત્પાદનની દૃષ્ટિએ ઘણો ઓછો સમય લેતો અને આર્થિક છે.
- આ ચિપ્સની ઊંચી માંગ છે. જે મુખ્યત્વે ઓટોમેટિવ, પાવર અને ટેલિકોમ્યુનિકેશન એપ્લિકેશન્સ દ્વારા સંચાલિત છે.

**નોંધ :** IMSC એ અબુધાબી સ્થિત નેકસ્ટ ઓર્બિટ વેન્ચર્સ અને ઈઝરાયેલના ટાવર સેમિકન્ડક્ટર વચ્ચેનું સંયુક્ત સાહસ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## ભારતની ચિપ ઉત્પાદન યોજનામાં શું ફેરફારો છે ?

| ચિપ કદ | પાછલુ સંસ્કરણ | સંશોધિત સંસ્કરણ |
|---|---|---|
| 45nm થી 65nm | 30% ભંડોળ | તમામ નોડ્સ માટે સમાન<br>50% નાણાકીય સહાય |
| 28nm થી 45nm | 40% ભંડોળ | |
| 28nm થી નીચે | 50% ભંડોળ | |

### મહત્ત્વ

આ ફેરફારો સેમિકન્ડક્ટર્સના તમામ ટેકનોલોજી નોડ્સ માટે સરકારી પ્રોત્સાહનોને સુમેળ કરશે.

- આ ચિપના તમામ ક્ષેત્રોને ભારતમાં એક સંકલિત ઈકોસિસ્ટમ બનાવવા માટે પ્રોત્સાહિત કરશે.
- PLI અને DLI યોજનાઓ એ ભારતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સ (FABS) સ્થાપવા માટે ઘણા વૈશ્વિક સેમિકન્ડક્ટર એજન્ટોને આકર્ષ્યા હતા અને સુધારેલ પ્રોગ્રામ આ રોકાણોને વધુ વેગ આપશે અને વધુ અરજદારોને આમંત્રિત કરશે.

### સેમિકન્ડક્ટર ચિપ્સ

સેમિકન્ડક્ટર એવી સામગ્રી છે જે કંડક્ટર અને ઈન્સ્યુલેટ વચ્ચે વાહકતા ધરાવે છે.

- તે શુદ્ધ ધાતુ, સિલિકોન, જર્મેનિયમ અથવા કોઈપણ સંયોજન, ગેલિયમ, આર્સેનાઈડ અથવા કેડિયમ સેલેનાઈડ હોઈ શકે છે.
- સેમિકન્ડક્ટર ચિપનો મૂળભૂત ઘટક સિલિકોનનો એક ટૂકડો હોય છે, જે અબજો માઈક્રોસ્કોપિક ટ્રાન્ઝિસ્ટરથી કોતરાયેલો છે. અને ચોક્કસ ખનિજો તથા વાયુઓથી પ્રક્ષેપિત છે, જે વિવિધ કોમ્પ્યૂટર સૂચનાઓનું પાલન કરીને વિદ્યુત ધારાના પ્રવાહને નિયંત્રિત કરવા માટે મોડેલો બનાવે છે.
- આજે ઉપલબ્ધ સૌથી અધતન સેમિકન્ડક્ટર ટેકનોલોજી નોડ્સ 3nm અને 5nm (નેનોમીટર) છે.
- ઉચ્ચ નેનોમીટર મૂલ્યો ધરાવતા સેમિકન્ડક્ટરનો ઉપયોગ ઓટોમોબાઈલ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ વગેરેમાં થાય છે.
- જ્યારે સ્માર્ટફોન અને લેપટોપ જેવા ઉપકરણોમાં નીચા મૂલ્યોવાળા સેમિકન્ડક્ટરનો ઉપયોગ થાય છે.
- ચીપ બનાવવાની પ્રક્રિયા જટિલ અને ખૂબ જ સચોટ છે, જેમાં સપ્લાય ચેઈનમાં અન્ય ઘણા પગલાંઓ છે જેમ કે કંપનીઓ દ્વારા ઉપકરણોમાં ઉપયોગ માટે નવી સર્કિટ વિકસાવવા માટે ચિપ ડિઝાઈનિંગ, ચિપ્સ માટે સોફ્ટવેર ડિઝાઈનિંગ અને સેન્ટ્રલ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (IPR)ના માધ્યમથી તેને પેમેન્ટ કરવી.

- સેમિકન્ડક્ટર સ્માર્ટફોનથી લઈને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT)માં કનેક્ટેડ ઉપકરણો સુધી લગભગ દરેક આધુનિક ઈલેક્ટ્રોનિક ઉપકરણના થંબનેલ–કદના બિલ્ડીંગ બ્લોક્સ છે.
- તે ઉપકરણોને કોમ્પ્યુટેશનલ પાવર આપવામાં મદદ કરે છે.

## વૈશ્વિક પરિદ્રશ્ય

ચિપ–નિર્માણ ઉદ્યોગ ખૂબ જ કેન્દ્રિત છે, જેમાં મુખ્ય ઉત્પાદકો તાઈવાન, દક્ષિણ કોરિયા અને યુએસ છે.

- હકિકતમાં 5nm ચિપ્સમાંથી 90% તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની (TSMC) દ્વારા તાઈવાનમાં મોટા પ્રમાણમાં ઉત્પાદિત થાય છે.
- તેથી વૈશ્વિક ચિપની અછત, તાઈવાન પર યુએસ–ચીન તણાવ અને રશિયા–યુક્રેન સંઘર્ષને કારણે સપ્લાય ચેઈન વિક્ષેપોએ મુખ્ય અર્થતંત્રોને ચિપ નિર્માણમાં ફરીથી પ્રવેશવા માટે પ્રેરિત કર્યા છે.
- વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગનું મૂલ્ય હાલમાં 500-600 બિલિયન અમેરિકન ડોલર છે અને હાલમાં 3 ટ્રિલિયન અમેરિકન ડોલર મૂલ્યના વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગને પૂરી પાડે છે.



1. 'વિશ્વ પ્રવાસન દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 સપ્ટેમ્બર (B) 26 સપ્ટેમ્બર (C) 27 સપ્ટેમ્બર (D) 28 સપ્ટેમ્બર (C)

2. વર્ષ 2022ની 'વિશ્વ પ્રવાસન દિન'ની થીમ શું છે ?

(A) Rethinking Tourism

(B) Tourism and Human Development

(C) Tourism and the digital Transformation

(D) Tourism and Rural Development (A)

3. CrPCની કઈ કલમ મુજબ જો આરોપી દોષિત ઠરે તો જજ (ન્યાયાધીશ) સજાના પ્રશ્ન પર આરોપીને સાંભળશે અને પછી ચુકાદો આપશે ?

(A) કલમ 235 (B) કલમ 135 (C) કલમ 281 (D) કલમ 290 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં કોણ નોર્થ ચેનલ પાર કરનાર પુર્વોત્તર પ્રદેશમાંથી પ્રથમ તરવૈયા બન્યા છે ?

(A) શ્રી એલ્વિસ અલી હઝારિકા (B) શ્રી સંજય સેહંગલ

(C) શ્રી અભિમન્યુ માનસ્ત્રી (D) શ્રી તસ્મય શાહ (A)

5. તાજેતરમાં કેન્દ્ર સરકારે સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેકચરિંગ ઈકોસિસ્ટમના વિકાસ માટેની યોજનામાં ફેરફારોને મંજૂરી આપી છે. આ યોજનામાં મંજૂર ફેરફારો સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) સુધારેલી યોજના તમામ નોડ્સ (45nm થી 65nm, 28nm થી 45nm, 28nm થી નીચેની ચિપ્સ) માટે સમાન નાણાકીય સહાય પૂરી પાડે છે.


(B) સુધારેલી યોજનામાં 45nm ચિપના ઉત્પાદન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

## દિવસ મહિમા : 28 સપ્ટેમ્બર, (1) વિશ્વ હડકવા દિવસ (World Rabies Day)
## (2) માહિતીની સાર્વત્રિક પહોંચ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

### વિશ્વ હડકવા દિવસ




સમગ્ર વિશ્વમાં હડકવા અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 28 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ હડકવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સૌપ્રથમ વખત હડકવાની રસીની શોધ શ્રી લુઈસ પાશ્વરે કરી હતી.
- આથી, શ્રી લુઈસ પાશ્વરની યાદમાં તેમની મૃત્યુતિથી 28 સપ્ટેમ્બર, 'વિશ્વ હડકવા દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી લુઈસ પાશ્વરનો જન્મ 27 ડિસેમ્બર, 1822ના રોજ ફ્રાન્સમાં થયો હતો. અને ફ્રાન્સમાં જ 28 સપ્ટેમ્બર, 1895ના રોજ તેમનું નિધન થયું હતું.
- પ્રથમ વિશ્વ હડકવા દિવસ 2007માં બે સ્થાપક ભાગીદારો દ્વારા ઉજવવામાં આવ્યો હતો :

  (1) હડકવા નિયંત્રણ સંસ્થા (ARC)

  (2) રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રો, એટલાન્ટા (CDC)
- વર્ષ 2022માં 16મા વિશ્વ હડકવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### થીમ

વિશ્વ હડકવા દિવસ 2022ની થીમ **'Rabies : One Health, Zero Deaths'** છે.

### હડકવા

હડકવા એ ઝૂનોટિક વાયરલ રોગ છે જે રસી દ્વારા અટકાવી શકાય છે.


- તે હડકાયુ પ્રાણી (કૂતરો, બિલાડી, વાંદરો વગેરે)ની લાળમાં હાજર રિબોન્યુક્લિક એસિડ (RNA) વાયરસના કારણે થાય છે.
- તે હંમેશા ચેપગ્રસ્ત પ્રાણીના કરડવાથી ફેલાય છે તથા વાયરસ પ્રાણીની લાળ સાથે ઘાવમાં પ્રવેશ કરે છે.
- એકવાર ક્લિનિકલ લક્ષણ દેખાયા બાદ હડકવા લગભગ 100% જીવલેણ છે. હૃદય–શ્વસનની નિષ્ફળતાના કારણે મૃત્યુ ચાર દિવસ કે બે અઠવાડીયા વચ્ચે થાય છે.
- 99% કેસો પાળેલા કૂતરા માણસોમાં હડકવા વાયરસ માટે જવાબદાર છે.
- હડકવા એ પ્રાણઘાતક રોગ છે જે મધ્યસ્થ ચેતાતંત્રને અસર કરે છે.

- તે મોટા ભાગે બિલાડી, શીયાળ, વાંદરા અને હડકાયા કૂતરા કરડવાથી થાય છે.
- હડકવાના પ્રથમ લક્ષણો ફ્લૂ જેવા જ હોઈ શકે છે અને તે થોડા દિવસો સુધી ટકી શકે છે, જે આ મૂજબ છે : માથાનો દૂખાવો, તાવ, ઉબકા, ઉલટી, ચિંતા, મૂંઝવણ, વધુ પડતી લાળ, આભાસ, અનિદ્રા વગેરે.

## જલદૂત એપ્લિકેશન (Jaldoot App)

તાજેતરમાં ગ્રામીણ વિકાસ મંત્રાલયે ભૂગર્ભ જળ સ્તરના વધુ સારા અંદાજ માટે 'જલદૂત એપ' અને 'જલદૂત એપ ઈ–બ્રોશર' લોન્ચ કર્યુ છે.

### જલદૂત એપ



જલદૂત એપ ગ્રામીણ વિકાસ મંત્રાલય અને પંચાયતી રાજ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી છે.

- આ એપનો ઉપયોગ દેશભરના દરેક ગામમાં પસંદગીના 2-3 કૂવાના પાણીના સ્તરનો અંદાજ કાઢવા માટે કરવામાં આવશે.
- આ એપ ઓનલાઈન અને ઓફલાઈન બંને મોડમાં કામ કરશે.
- આથી, પાણીના સ્તરનો અંદાજ ઈન્ટરનેટ કનેક્ટિવિટી વિના પણ કરી શકાય છે અને મૂલ્યાંકન કરાયેલ ડેટા મોબાઈલમાં સંગ્રહિત કરવામાં આવશે અને જ્યારે વિસ્તારમાં મોબાઈલ કનેક્ટિવિટી ઉપલબ્ધ હશે. ત્યારે ડેટા સેન્ટ્રલ સર્વર સાથે સિંક્નાઈઝ કરવામાં આવશે.
- જલદૂત એપ દ્વારા પ્રાપ્ત થતો નિયમિત ડેટા નેશનલ વોટર ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NWIC)ના ડેટાબેઝ સાથે સંકલિત કરવામાં આવશે.
- જેનો ઉપયોગ હિસ્સેદારોના લાભ માટે વિવિધ ઉપયોગી અહેવાલોના વિશ્લેષણ અને પ્રદર્શન માટે કરી શકાય છે.

### મહત્ત્વ

આ એપ સમગ્ર દેશમાં પાણીના સ્તરની માહિતી મેળવવાની સુવિધા પૂરી પાડશે અને પરિણામી ડેટાનો ઉપયોગ ગ્રામ પંચાયત વિકાસ યોજના અને MANREGA માટે કરી શકાશે.

- આ એપ દેશભરના ગામડાઓમાં પસંદ કરેલા કુવાના પાણીના સ્તરનું મૂલ્યાંકન કરવા માટે લોન્ચ કરવામાં આવી છે.

- જલદૂત એપ ગ્રામ રોજગાર સહાયકને વર્ષમાં બે વાર ચોમાસા પહેલા અને ચોમાસા પછી કૂવાના પાણીના સ્તરે માપવા માટે પરવાનગી આપશે.
- આ એપ પંચાયતોને મહત્વની માહિતી મેળવવાનું સરળ બનાવશે જેનો ઉપયોગ પાછળથી કામોના આયોજન માટે વધુ સારી રીતે થઈ શકશે.

નોંધ : (1) નેશનલ વોટર ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NWIC) એ કેન્દ્રિય ભંડાર છે જે સમગ્ર ભારતમાં જળ સંસાધનોની ઉપલબ્ધતા સંબંધિત ડેટા સંગ્રહિત કરે છે.

(2) 2018માં સ્થાપિત તે જળ શક્તિ–મંત્રાલયના જળ સંસાધન વિભાગના નેજા હેઠળ આવે છે.

## ભારતમાં ભૂગર્ભજળના અછતની સ્થિતિ

### ભૂગર્ભજળની અછત

સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ (CGWB) અનુસાર, ભારતમાં ખેતીની જમીનને સિંચાઈ માટે દર વર્ષે 230 અબજ મીટર ક્યૂબિક ભૂગર્ભજળ કાઢવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- દેશના ઘણા ભાગોમાં ભૂગર્ભજળ ઝડપથી ઘટી રહ્યું છે.
- ભારતમાં કુલ અંદાજિત ભૂગર્ભજળની અછત 122-199 બિલિયન–મીટર ક્યૂબિક છે.
- કાઢવામાં આવેલ ભૂગર્ભજળના 89%નો ઉપયોગ સિંચાઈ ક્ષેત્રમાં થાય છે, જે આ પ્રદેશને દેશમાં ઉચ્ચત્તમ શ્રેણીના વપરાશકર્તા બનાવે છે.
- ત્યારબાદ સ્થાનિક જરૂરિયાત માટે ભૂગર્ભજળનો ઉપયોગ થાય છે. જે કાઢવામાં આવેલા ભૂગર્ભજળના 9% છે.
- ભૂગર્ભજળનો ઔદ્યોગિક ઉપયોગ 2% છે.
- નોંધનીય છે કે 50% શહેરી પાણીની જરૂરિયાતો અને 85% ગ્રામીણ ઘરેલું પાણીની જરૂરિયાતો પણ ભૂગર્ભજળ દ્વારા પૂરી થાય છે.

### અછતના કારણો

#### હરિયાળી ક્રાંતિ

હરિયાળી ક્રાંતિએ દુષ્કાળગ્રસ્ત અથવા પાણીની અછતવાળા વિસ્તારોમાં પાણી–સઘન પાક ઉગાડવામાં સક્ષમ બનાવ્યું, જેનાથી ભૂગર્ભ જળનો વધુ ઉપાડ થયો હતો.

- તેની ભરપાઈની રાહ જોયા વિના જમીનમાંથી વારંવાર પાણી ઉપાડવાથી ઝડપી ઘટાડો થાય છે.

## ઉદ્યોગોની આવશ્યક્તાઓ

- લેન્ડફિલ્સ, સેપ્ટિક ટાંકીઓ, ભૂગર્ભ ગેસ ટાંકીઓ અને ખાતરો તથા જંતુનાશકોનો વધુ પડતો ઉપયોગ જળ પ્રદૂષણ અને ભૂગર્ભ જળ સંસાધનોના ઘટાડા તરફ દોરી જાય છે.

## અપૂરતું નિયમન

- ભૂગર્ભજળનું અપૂરતું નિયમન ભૂગર્ભજળના સંસાધનોના ઘટાડાને પ્રોત્સાહન આપે છે.


## સંઘિય સમસ્યા

- પાણી રાજ્યનો વિષય હોવાને કારણે, જળ સંરક્ષણ અને જળ સંચય સહિત જળ વ્યવસ્થાપન અંગેની પહેલ અને દેશમાં નાગરિકોને પૂરતું પીવાનું પાણી પૂરું પાડવાની પ્રાથમિક રીતે રાજ્યોની જવાબદારી છે.

# ડ્યુઅલ એસ્ટરોઈડ રીડાયરેક્ટ ટેસ્ટ (DART) મિશન : NASA

તાજેતરમાં NASAએ તેનું <u>'ડ્યુઅલ એસ્ટરોઈડ રીડાયરેક્ટ ટેસ્ટ'</u> <u>(DART)</u> મિશન લોન્ચ કર્યુ હતું.

- જેમાં પૃથ્વીને એસ્ટરોઈડના આક્રમણ સામે બચાવવાની કવાયતમાં નાસાને મોટી સફળતા પ્રાપ્ત થઈ હતી.
- ગ્રહના સંરક્ષણની આ પ્રથમ <u>'ગતિ પ્રભાવ'</u> <u>(Kinetic Impactor)</u> પદ્ધતિ છે.
- જેમાં એક ડાર્ટ અવકાશયાન ડિમોર્ફોસ સાથે ટકરાયું હતું.
- <u>કાઈનેટિક ઈમ્પેક્ટ પદ્ધતિ</u>માં એક અથવા વધુ મોટા, હાઈ–સ્પીડ અવકાશયાનને પૃથ્વીની નજીકના ભ્રમણકક્ષામાં મોકલવાનો સમાવેશ થાય છે.
- આ એસ્ટરોઈડને પૃથ્વીના ભ્રમણકક્ષાના માર્ગથી દૂર ખસેડીને એક અલગ માર્ગમાં ફેરવી શકે છે.
- વૈજ્ઞાનિકો હજુ સુધી ડિમોર્ફોસના ચોક્કસ સમૂહને જાણતા નથી પરંતુ તે આશરે પાંચ અબજ કિલોગ્રામ હોવાનો અંદાજ છે.
- ડાર્ટ સ્પેસક્રાફટનું વજન લગભગ 600 કિલો છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડાર્ટ (DART) મિશન

**DART** એ ઓછી કિંમતનું અવકાશયાન છે.

- તેમાં બે સૌર એરેજનો સમાવેશ થાય છે અને અવકાશયાનને આગળ ધપાવવા માટે હાઈડ્રોજન પ્રોપેલન્ટનો ઉપયોગ કરે છે.
- તે લગભગ 10 કિલો 'ઝનોન' (Xenon) પણ વહન કરે છે જેનો ઉપયોગ નવા થ્રસ્ટર્સને દર્શાવવા માટે કરવામાં આવશે.
- જેને 'નાસા ઈવોલ્યુશનરી ઝેનોન થ્રસ્ટર–કોમર્શિયલ' (NEXT-C) કહેવાય છે.
- નેકસ્ટ–સી ગ્રેડેડ આયન થ્રસ્ટર સિસ્ટમ પ્રદર્શન અને અવકાશયાન સંકલન ક્ષમતાઓનું સંયોજન પૂરું પાડે છે, જે તેને અવકાશ રોબેટિક મિશન માટે અનન્ય રીતે અનુકૂળ બનાવે છે.
- અવકાશયાનમાં 'ડિડિમોસ રિકોનિસન્સ એન્ડ એસ્ટરોઈડ કેમેરા ફોર ઓપ્ટિકલ નેવિગેશન' (DRACO) નામનું ઉચ્ચ–રિઝોલ્યુશન ઈમેજર છે.
- DRACOની પ્રાપ્ત ઈમેજો વાસ્તવિક સમયમાં પૃથ્વી પર મોકલવામાં આવશે અને ડિમોર્ફોસ (લક્ષ્ય એસ્ટરોઈડ)ની અસર સ્થળ અને સપાટીનો અભ્યાસ કરવામાં મદદ કરશે.
- આ ઉપરાંત આ મિશન લાઈટ ઈટાલિયન ક્યુબસેટ ફોર ઈમેજિંગ ઓફ એસ્ટ્રોયડ (Licicube) નામનો એક નાનો ઉપગ્રહ અથવા ક્યુબસેટ પણ વહન કર્યો હતો.
- Licicube અથડામણથી ઉત્પન્ન થયેલી અસર અને તેમનાથી નિર્મિત ખાડાઓની ઈમેજ કેપ્ચર કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### લક્ષ્ય

આ એક એવિ ટેકનિક છે જે એસ્ટરોઈડને પૃથ્વી સાથે અથડાતા અટકાવે છે.

- તેનો ઉદ્દેશ્ય એવી ટેકનોલોજીનું પરીક્ષણ કરવાનો છે કે જે પૃથ્વી તરફ આવનારા એસ્ટરોઈડને વિક્ષેપિત કરી શકે.
- આ મિશનનો હેતુ ભવિષ્યમાં પૃથ્વી તરફ આવનાર એસ્ટરોઈડની સ્થિતિમાં તૈયાર થનારી નવી ટેકનોલોજીનું પરીક્ષણ કરવાનો છે.
- તેનો ઉદ્દેશ્ય નવી વિકસિત ટેકનોલોજીનું પરીક્ષણ કરવાનો છે જે અવકાશયાનને એસ્ટરોઈડ સાથે ટકરાવામાં અને તેની દિશા બદલાવવામાં મદદ કરશે.
- અવકાશયાનનું લક્ષ્ય એક નાનો મૂનલેટ (કૃત્રિમ ઉપગ્રહ) છે જેને ડિમોર્ફોસ કહેવાય છે. (ગ્રીક ભાષામાં બે સ્વરૂપો)

## ડિમોર્ફોસ પસંદ કરવાના કારણો

મિશનનો ધ્યેય ડીડીમોસની આસપાસ તેની ભ્રમણકક્ષામાં ફેરફારોને માપીને ડાર્ટની અસર અવકાશમાં ચંદ્રના વેગમાં કેટલો ફેરફાર કરે છે તે નિર્ધારિત કરવાનો છે.

- વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ અથડામણથી ડિમોર્ફોસની ગતિમાં એક ટકાનો ફેરફાર થશે.

## Astroid શું છે ?



એસ્ટરોઈડ અથવા લઘુગ્રહો એ સૂર્યની આસપાસ નિયત કક્ષામાં ભ્રમણ કરે છે.

- તે ગ્રહો કરતા ઘણા નાના છે.
- મંગળ અને ગુરૂ ગ્રહોની વચ્ચે લગભગ 45,000ની સંખ્યામાં લઘુગ્રહો (Astroids) આવેલા છે.
- એમ કહેવાય છે કે આ બે ગ્રહો વચ્ચેનો કોઈ ગ્રહ તૂટી જવાથી તેના ટૂકડાઓમાંથી આ લઘુગ્રહ બન્યા હશે.
- તેમાં પાલાસ, જૂનો વેસ્ટ વગેરે મુખ્ય એસ્ટરોઈડ છે.
- તેમનું કદ લગભગ 1 કિ.મીથી માંડીને 955 કિ.મી સુધી છે.
- બધા જ લઘુગ્રહોનું દળ નાના બુધ ગ્રહના દળ કરતા પણ ઓછુ છે.
- કેટલાક એસ્ટરોઈડ ગ્રહોના ભ્રમણકક્ષાના માર્ગોમાં જોવા મળે છે.
- આનો અર્થ એ છે કે આ એસ્ટરોઈડ ગ્રહની ભ્રમણકક્ષામાં પ્રવેશી શકે છે અને ખતરો ઉત્પન્ન કરી શકે છે.

## એસ્ટરોઈડની અસર

જો ભવિષ્યમાં કોઈ એસ્ટરોઈડ પૃથ્વી સાથે અથડાશે તો તે મોટા પાયે નુકસાન કરી શકે છે.

- પૃથ્વી સાથે એસ્ટરોઈડની અથડામણને કારણે ભૂતકાળમાં ઘણા ભૌગોલિક ફેરફાર થયા છે, હાલમાં પૃથ્વી પર આવા ઘણા સરોવરો છે.
- એક અભ્યાસ અનુસાર એસ્ટરોઈડની ટક્કર પણ ડાયનોસોરના લુપ્ત થવાનું એક કારણ માનવામાં આવતુ હતું, તેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ વિનાશક બની શકે છે.
- અત્યારે પૃથ્વી પર મોટી સંખ્યામાં પરમાણુ પ્લાન્ટ છે, તેથી જો નાના કદના એસ્ટરોઈડ પણ પૃથ્વી સાથે અથડાશે તો તેના વિનાશક પરિણામો આવી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** ‘વિશ્વ હડકવા દિન’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 સપ્ટેમ્બર (B) 27 સપ્ટેમ્બર (C) 28 સપ્ટેમ્બર (D) 29 સપ્ટેમ્બર **(C)**

**2.** કોની મૃત્યુતિથી ‘વિશ્વ હડકવા દિવસ’ તરીકે ઉજવાય છે ?

(A) શ્રી આલ્બર્ટ જોન્સ (B) શ્રી થોમસ માર્લો (C) શ્રી લુઈસ પાશ્ચર (D) શ્રી આલ્બર્ટ મરે **(C)**

**3.** ‘માહિતીની સાર્વત્રિક પહોંચ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 સપ્ટેમ્બર (B) 27 સપ્ટેમ્બર (C) 28 સપ્ટેમ્બર (D) 29 સપ્ટેમ્બર **(C)**

**4.** તાજેતરમાં ભારત સરકારે ભૂગર્ભ જળના વધુ સારા અંદાજ માટે ‘જલદૂત એપ’ લોન્ચ કરી હતી. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ એપ ગ્રામીણ વિકાસ મંત્રાલય અને પંચાયતી રાજ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી છે.
2. આ એપનો ઉપયોગ દેશભરના દરેક ગામમાં પસંદગીના કૂવાના પાણીના સ્તરનો અંદાજ કાઢવા માટે કરવામાં આવે છે.
3. જલદૂત એપ દ્વારા પ્રાપ્ત થતો નિયમિત ડેટા નેશનલ વોટર ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NWIC)ના ડેટાબેઝ સાથે સંકલિત કરવામાં આવશે.
4. આ એપનો ઉપયોગ પ્રાયોગિક ધોરણે ત્રિપુરા, સિક્કિમ અને મેઘાલયમાં કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**5.** તાજેતરમાં NASAએ તેનું ‘ડ્યુઅલ એસ્ટરોઈડ રીડાયરેક્ટ ટેસ્ટ’ (DART) મિશન લોન્ચ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ મિશન દ્વારા પૃથ્વીને એસ્ટરોઈડના આક્રમણ સામે બચાવવાની કવાયત (ફક્ત એક અભ્યાસ)માં નાસાને મોટી સફળતા પ્રાપ્ત થઈ હતી.

(B) આ એક એવિ ટેકનિક છે જે એસ્ટરોઈડને પૃથ્વી સાથે અથડાવતા અટકાવે છે.

(C) આ મિશન ગ્રહના સંરક્ષણની પ્રથમ ‘કાઈનેટિક ઈમ્પેક્ટ’ પદ્ધતિ છે.

(D) ઉપરોક્ત તમામ સાચા **(D)**

**દિવસ મહિમા : 29 સપ્ટેમ્બર, (1) વિશ્વ હૃદય દિવસ (World Heart Day)**
**(2) આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ (International Day of Awarness on Food loss and Wast Reduction)**

## વિશ્વ હૃદય દિવસ

સમગ્ર વિશ્વમાં હૃદય સંબંધિત રોગો અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 29 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ હૃદય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- વર્ષ 2022ની 'વિશ્વ હૃદય દિવસ'ની થીમ 'Use heart for Every heart' છે.

## આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ

29 સપ્ટેમ્બર, 2022ના રોજ 'આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ખાદ્ય અન્નનો બગાડ અટકાવવાનો અને તેના દ્વારા તેનો કચરો ઓછો કરવાનો છે.
- આથી, સમગ્ર વિશ્વમાં ખોરાકમાં બગાડ અટકાવવા જાગૃતિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- સપ્ટેમ્બર 2019 દરમિયાન મળેલી યુનાઈટેડ નેશન્સની 74મી જનરલ એસેમ્બલીમાં આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2020માં પ્રથમ 'આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2022ની આ દિવસની થીમ 'Stop food loss and wast, For the people, For the planet' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ

તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન DRDOએ ઓડિશાના દરિયાકાંઠે ચાંદીપૂરની ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ ખાતેથી જમીન પર આધારિત પોર્ટેબલ લોન્ચરથી વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ (VSHORADS) મિસાઈલના બે સફળ ઉડાન પરીક્ષણ હાથ ધરવામાં આવ્યા હતા.

## VSHORADS



વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ (VSHORADS) એ મેન પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ છે.

- તે DRDOના રિસર્ચ સેન્ટર ઈમારત (RCI), હૈદરાબાદ દ્વારા અન્ય DRDO પ્રયોગશાળાઓ અને ભારતીય ઉદ્યોગ ભાગીદારો સાથે મળીને સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે.
- VSHORADS મિસાઈલમાં મિનિએચર રિએક્શન કંટ્રોલ સિસ્ટમ (RCS) અને ઈન્ટિગ્રેટેડ એવિઓનિક્સ સહિત અનેક નવીન તકનીકોનો સમાવેશ થાય છે, જે પરીક્ષણ દરમિયાન સફળ સાબિત થઈ છે.
- ટૂંકા અંતરની ઓછી ઊંચાઈવાળા હવાના જોખમોને નિષ્ક્રિય કરનાર આ મિસાઈલ ડ્યુઅલ થ્રસ્ટ સોલિડ મોટર દ્વારા ચલાવવામાં આવે છે.
- સરળ સુવાહ્યતા (સરળતાથી વહન અથવા ખસેડવાની ક્ષમતા) સુનિશ્ચિત કરવા માટે મિસાઈલની ડિઝાઈનને ખૂબ જ ઓપ્ટિમાઈઝ કરવામાં આવી છે.
- આધુનિક ટેકનોલોજીથી સજ્જ આ નવી મિસાઈલ ટેકનિકલ સ્તરે સશસ્ત્ર દળોને વધુ પ્રોત્સાહન આપશે.

## રિએક્શન કંટ્રોલ સિસ્ટમ શું છે ?

રિએક્શન કંટ્રોલ સિસ્ટમ (RCS) થ્રસ્ટર્સનો ઉપયોગ કરીને દિશા નિયંત્રણ અને કામગીરી માટે જવાબદાર છે.

- RCS સિસ્ટમ કોઈપણ ઈચ્છિત દિશામાં અથવા દિશાઓના સંયોજનમાં ઉત્પ્રેરિત કરવા સક્ષમ છે.
- RCS પરિભ્રમણ (પિચ, ઘુમાવ અથવા Yaw અને રોલ)ના નિયંત્રણને મંજૂરી આપવા માટે Torque પ્રદાન કરવા પણ સક્ષમ છે. (Torque એટલે કે એન્જિન ફેરવવાની શક્તિ)

ICE INSTITUTE FOR COMPETITIVE

## MANPADS શું છે ?

તે ટૂંકા અંતરની હળવી અને પોર્ટેબલ સપાટીથી હવામાં પ્રહાર કરનાર મિસાઈલ છે.

- જેનો ઉપયોગ વ્યક્તિઓ અથવા નાના જૂથો દ્વારા એરક્રાફ્ટ અથવા હેલિકોપ્ટરને નાશ કરવા માટે કરી શકાય છે.
- તે સૈનિકોને હવાઈ હુમલાઓથી બચાવવામાં મદદરૂપ થતા ઓછી ઊંચાઈવાળા વિમાનોને નિશાન બનાવવામાં સૌથી વધુ અસરકારક છે.
- 'મેન પોર્ટેબલ એન્ટિ–ટેન્ક સિસ્ટમ' (MANPAT) પણ એ જ રીતે કાર્ય કરે છે પરંતુ તેનો ઉપયોગ લશ્કરી ટેન્કને નષ્ટ કરવા માટે થાય છે.
- MANPADSની મહત્તમ રેન્જ 8 કિમીની છે અને તે 4.5 કિમીની ઊંચાઈ સુધીના લક્ષ્યોને હિટ કરી શકે છે.
- પ્રથમ MANPADS યુનાઈટેડ સ્ટેટ્સ અને સોવિયેત સંઘ દ્વારા 1960માં વિકસાવવામાં આવ્યા હતા.

## સુશ્રી જ્યોર્જિયા મેલોની ઈટાલીના પ્રથમ મહિલા વડાપ્રધાન બનશે

સુશ્રી જ્યોર્જિયા મેલોની ઈટાલીના પ્રથમ મહિલા વડાપ્રધાન બનશે.

- તેઓ જમણેરી રાજકીય પક્ષ 'બ્રધર્સ ઓફ ઈટલી' (Brothers of Italy) સાથે સંકળાયેલા છે.
- ઈટાલિયન ચૂંટણીના તાજેતરના નજીકના–અંતિમ પરિણામો મૂજબ જમણેરી ગઠબંધને સંસદીય મતના 44% જીત્યા હતા. જેમાં જ્યોર્જિયા મેલોનીની પાર્ટીએ તેની અત્યાર સુધીની સૌથી મોટી 26% જીત મેળવી હતી.
- જ્યોર્જિયા મેલોની 'બ્રધર્સ ઓફ ઈટાલી'ના સહ–સ્થાપકોમાંના એક છે અને 2014થી રાજકીય પક્ષનું નેતૃત્વ કરે છે.
- આ ઉપરાંત 2020થી યુરોપિયન કન્ઝર્વેટિવ્સ અને રિફોર્મિસ્ટ પાર્ટીના અધ્યક્ષ હતા.



1. 'વિશ્વ હૃદય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 સપ્ટેમ્બર (B) 28 સપ્ટેમ્બર (C) 29 સપ્ટેમ્બર (D) 30 સપ્ટેમ્બર (C)

2. કયા દિવસના રોજ 'ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા માટેના આંતરરાષ્ટ્રીય જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 27 સપ્ટેમ્બર (B) 28 સપ્ટેમ્બર (C) 29 સપ્ટેમ્બર (D) 30 સપ્ટેમ્બર (C)

3. તાજેતરમાં DRDOએ 'વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ' (VSHORADS) મિસાઈલના બે સફળ ઉડાન પરીક્ષણ હાથ ધરવામાં આવ્યા હતા. આ VSHORADS સિસ્ટમ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ (VSHORADS) એ મેન પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ છે.
2. તે DRDOના રિસર્ચ સેન્ટર ઈમારત (RCI), હૈદરાબાદ દ્વારા અન્ય DRDO પ્રયોગશાળાઓ અને ભારતીય ઉદ્યોગ ભાગીદારો સાથે મળીને સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે.
3. VSHORADS મિસાઈલમાં મિનિએચર રિએક્શન કંટ્રોલ સિસ્ટમ (RCS) અને ઈન્ટિગ્રેટેડ એવિઓનિક્સ સહિત અનેક નવીન તકનીકોનો સમાવેશ થાય છે.
4. ટૂંકા અંતરની ઓછી ઊંચાઈવાળા હવાના જોખમોને નિષ્ક્રિય કરનાર આ મિસાઈલ ડ્યૂઅલ થ્રસ્ટ સોલિડ મોટર દ્વારા ચલાવવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 (D)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ સુશ્રી જ્યોર્જિયા મેલોની કયા દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન બનશે ?

(A) ફ્રાન્સ (B) ઈટાલી (C) બલ્ગેરિયા (D) નેધરલેન્ડ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 30 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ (International Translation Day)

દર વર્ષે 30 સપ્ટેમ્બરને 'આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- સત્તાવાર રીતે પ્રથમ આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ વર્ષ 2017માં ઉજવવામાં આવ્યો હતો.
- 24 સપ્ટેમ્બર, 2017ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 30 સપ્ટેમ્બરને 'આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ' તરીકે જાહેર કરતો ઠરાવ પસાર કર્યો હતો.
- સેન્ટ જેરોમની પુણ્યતિથી 30 સપ્ટેમ્બરને આ દિવસની ઉજવણી માટે પસંદ કરવામાં આવી હતી.
- સેન્ટ જેરોમ એક બાઈબલ અનુવાદક છે, જેને અનુવાદકોના આશ્રયદાતા સંત તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ 2022ની થીમ 'A world without barriers' છે.

## સુપ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી આશા પારેખ 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર'થી સન્માનિત

30 સપ્ટેમ્બર, 2022ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ભારતના પ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી આશા પારેખને 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર'થી સન્માનિત કર્યા છે.

- સુશ્રી આશા પારેખને વર્ષ 2020 માટેનો 52મો દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એનાયત થયો છે.
- નવી દિલ્હીમાં આયોજિત 68માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ દરમિયાન આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- આ અગાઉ વર્ષ 2019માં શ્રી રજનીકાંત અને વર્ષ 2018માં શ્રી અમિતાભ બચ્ચનને આ એવોર્ડ એનાયત થયો હતો.

### આ એવોર્ડ માટે પસંદગી સમિતિના સભ્યો

52માં દાદા સાહેબ ફાળકે પુરસ્કાર વિજેતાની પસંદગી કરવા માટેની સમિતિના સભ્યો નીચે મુજબના હતા :

(1) સુશ્રી આશા ભોસલે

(2) સુશ્રી હેમા માલિની

(3) સુશ્રી પૂનમ ઢિલ્લો

(4) શ્રી ટી.એસ.નાગભરણ

(5) શ્રી ઉદિત નારાયણ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી આશા પારેખ




સુશ્રી આશા પારેખનો જન્મ 2 ઓક્ટોબર, 1942ના રોજ બોમ્બે ખાતે થયો હતો.

- સુશ્રી આશા પારેખ એક ગુજરાતી પરિવારમાંથી આવે છે.
- વર્ષ 1952માં પ્રસિદ્ધ થયેલી 'મા' અને 'આસમાન' ફિલ્મથી તેમણે બાળ કલાકાર તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી.
- 1960 અને 1970ના દાયકામાં સફળ અભિનેત્રીઓમાંના એક હતા.
- તેઓ અભિનેત્રીની સાથે ફિલ્મ નિર્માતા–દિર્ગ્શક પણ છે.
- તેઓ જ્યુબિલી ગર્લ અને ટોમબોયના ઉપનામ તરીકે પ્રસિદ્ધ છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ 1992માં તેમને 'પદ્મ શ્રી' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## દાદા સાહેબ ફાળકે પુરસ્કાર

દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એ ભારતનો ફિલ્મ ક્ષેત્રનો સર્વોચ્ચ પુરસ્કાર છે.

- ભારતીય સિનેમામાં કોઈ વ્યક્તિના આજીવન યોગદાનને ધ્યાનમાં રાખીને આ પુરસ્કાર એનાયત થાય છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂ. 10 લાખ રોકડા, સ્વર્ણ કમળ ચંદ્રક અને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવે છે.
- 1969માં સૌપ્રથમ સુશ્રી દેવિકા રાણીને 17મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સમારોહમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

નોંધ : (1) ભારતમાં દર વર્ષે 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ' એનાયત કરવા માટેના સમારોહમાં આ પુરસ્કાર એનાયત થાય છે.

(2) ભારતમાં કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સ્થાપિત સંસ્થા ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## શ્રી દાદા સાહેબ ફાળકે વિશે

ભારતીય ફિલ્મ ઉદ્યોગના 'પિતામહ' શ્રી દાદા સાહેબ ફાળકેનો જન્મ 30 એપ્રિલ, 1870ના રોજ મહારાષ્ટ્રના ત્ર્યંબકમાં થયો હતો.

- શ્રી દાદા સાહેબ ફાળકેનું મૂળનામ શ્રી ધુંડિરાજ ગોવિંદ ફાળકે હતું.
- તેમણે પોતાની પત્નીના ઘરેણા ગિરવે મૂકિને અથવા તો વેચીને ભારતમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીની શરૂઆત કરી હતી.
- તેમણે 1913માં 'રાજા હરિશ્ચન્દ્ર' નામની મૂક ફિલ્મ બનાવી હતી.
- તે ભારતીય સિનેમાની પૂર્ણ લંબાઈની અને નાટ્ય સ્વરૂપની પ્રથમ ફિલ્મ હતી.
- શ્રી દાદા સાહેબ ફાળકેની યાદમાં ભારત સરકાર દ્વારા વર્ષ 1969થી દર વર્ષે 'દાદા સાહેબ ફાળકે એવોર્ડ' એનાયત કરવામાં આવે છે.

# ભારતના બીજા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકે લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણની નિમણૂક

તાજેતરમાં ભારતના બીજા CDS એટલે કે Chief of Defence Staff તરીકે લેફ્ટનન્ટ જનરલ શ્રી અનિલ ચૌહાણ (સેવાનિવૃત્ત)ની નિમણૂક કરવામાં આવી છે.

- ડિસેમ્બર, 2021માં પ્રથમ CDS જનરલ બિપિન રાવતનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ થયા પછી CDSનું પદ 9 મહિનાના વધુ સમયથી ખાલી હતું.

## શ્રી અનિલ ચૌહાણ



શ્રી અનિલ ચૌહાણનો જન્મ 18 મે, 1961ના રોજ ઉત્તરાખંડ રાજ્યના પૌરી ગઢવાલ ખાતે થયો હતો.

- લેફ્ટનન્ટ જનરલ શ્રી અનિલ ચૌહાણ પાસે 40 વર્ષથી વધુનો અનુભવ છે. તેમણે ઘણા મુખ્ય કમાન્ડ, સ્ટાફ અને મહત્વના હોદ્દાઓ પર સેવા આપી છે.
- તેઓ નેશનલ ડિફેન્સ એકેડમી, ખડકવાસલા અને ઈન્ડિયન મિલિટરી એકેડમી દહેરાદૂનના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.
- 1981માં ભારતીય સેનાની 11 ગોરખા રાઈફલ્સમાં તેમને કમિશન આપવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જ્યારે તેઓ લેફટનન્ટ જનરલ બન્યા ત્યારે તેમણે ઉત્તરપૂર્વમાં કોર્પ્સની કમાન્ડ કરી અને સપ્ટેમ્બર 2019માં પૂર્વ આર્મી કમાન્ડર બન્યા હતા.
- તેમણે 31 મે, 2021ના રોજ તેમની નિવૃત્તિ સુધી પૂર્વ આર્મી કમાન્ડનું નેતૃત્વ કર્યુ હતું.
- તેમની નિવૃત્તિ પછી તેઓ ઓક્ટોબર 2021માં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS)ના લશ્કરી સલાહકાર બન્યા હતા.
- કમાન્ડિંગ હોદ્દા ધરાવતા હોવા ઉપરાંત તેમણે લશ્કરી કામગીરીના મહાનિર્દેશક તરીકે પણ સેવા આપી હતી.

## CDS

CDS એટલે કે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ એ ભારતીય સશસ્ત્ર દળની ત્રણેય સેવાઓના વડા છે.

- આ ઉપરાંત તેઓ ભારત સરકારના સૌથી વરિષ્ઠ વર્દીધારી સૈન્ય સલાહકાર છે.
- તેઓ ફોર સ્ટાર જનરલનો રેન્ક ધરાવતા ઓફિસર છે.
- તેઓ ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય અંતર્ગતના સૈન્ય અથવા તો લશ્કરી બાબતો અંગેના વિભાગ (Department of Military Affairs)ના વડા છે.
- આ પોસ્ટ 2019માં બનાવવામાં આવી હતી.

## ભારતમાં CDSની ભૂમિકા

1. ભારતના CDS ભારતની ત્રણેય સેનાઓ અંગે ભારતની સંરક્ષણ મંત્રીના મુખ્ય સૈન્ય સલાહકાર છે.
2. તેઓ ભારતની ત્રણેય સેનાઓ વચ્ચે શ્રેષ્ઠ સમન્વય સાધવાના પ્રયત્ન કરશે.
3. ભારતની ત્રણેય સેનાઓ વચ્ચે ફાળવવામાં આવતા સૈન્ય બજેટના શ્રેષ્ઠ, સંતુલિત અને તર્ક સંગત ઉપયોગમાં તેમની મહત્ત્વની ભૂમિકા હશે.
4. ભારતની ત્રણેય સેનાઓને આધુનિક બનાવવાની જવાબદારી તેમના શિરે રહેશે. તેમજ તેમના માટે શસ્ત્રોની ખરીદી કરવામાં, સ્વદેશી હથિયારો અને સ્વદેશી સંરક્ષણ ઉપકરણોની ખરીદીને પ્રોત્સાહન આપવામાં પણ તેમની મહત્ત્વની ભૂમિકા છે.
5. આ ઉપરાંત યુદ્ધની સ્થિતિમાં ત્રણેય સેનાઓ વચ્ચેના શ્રેષ્ઠ સંકલનની જવાબદારી પણ CDSના શિરે જ રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં CDSના પદનું સર્જન

ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના નવા પદના સર્જનને ભારતમાં આઝાદી બાદ સંરક્ષણ ક્ષેત્રે થયેલો સૌથી મોટો સુધારો માનવામાં આવે છે.

- ભારતમાં સૌપ્રથમ વખત લોર્ડ માઉન્ટ બેટને આ અંગે વિચાર રજૂ કર્યો હતો.
- જૂન, 1982માં જનરલ કે.વી.કૃષ્ણ રાવે ચીફ ઓફ ડિફેન્સના પદના સર્જન અંગે પોતાના વિચાર રજૂ કર્યા હતા.
- ત્યારબાદ 1999ના કારગીલ યુદ્ધ બાદ કારગીલ સમીક્ષા સમિતિ (Kargil Review Committee)એ ભારતમાં સૌપ્રથમ વખત ઓફિસિયલી આ પદની રચના અંગે ભલામણ કરી હતી.
- કારગીલ સમીક્ષા સમિતિની આ ભલામણને આધારે 2001માં Group of Ministers દ્વારા આ પદના સર્જન અંગે સત્તાવાર દરખાસ્ત કરવામાં આવી હતી.
- ત્યારબાદ 2012માં શ્રી નરેશ ચંદ્ર ટાસ્ક ફોર્સે અને 2016માં લેફ્ટનન્ટ જનરલ ડી.બી.શેકટકર કમિટીએ પણ CDSના પદ અંગે પોતાની દરખાસ્ત રજૂ કરી હતી.
- 15 ઓગસ્ટ, 2019ના રોજ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ'ના પદનું સર્જન કરવામાં આવશે એવી જાહેરાત કરી હતી.
- અંતે, 24 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (CCS)એ ભારતમાં આ પદના સર્જનની મંજૂરી આપી હતી અને તેની ઔપચારિક જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## CDSનો કાર્યકાળ

ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના હોદ્દાની મુદ્દત 3 વર્ષ અથવા તો 65 વર્ષનું આયુષ્ય એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે છે.

નોંધ : (1) પહેલાના નિયમ મુજબ ફક્ત ત્રણ સેનાઓના અધ્યક્ષ પર રહેનાર ફોર સ્ટાર અધિકારી (સેના અધ્યક્ષ, નૌસેના અધ્યક્ષ અને વાયુસેના અધ્યક્ષ) જ CDS બની શકતા હતા.

(2) પરંતુ નવા નિયમો મુજબ લેફ્ટનન્ટ જનરલ, વાઈસ એડમિરલ અને માર્શલ સ્તરના થ્રી–સ્ટાર અધિકારી પણ CDS બની શકે છે.

(3) CDSની નિમણૂક સમયે અધિકારીની નિમણૂક 62 વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(4) ભારતમાં CDSનું નામાંકન કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા કરવામાં આવે છે.

## વાયુ પ્રદુષણ ઘટાડવાનો નવો ધ્યેય

તાજેતરમાં કેન્દ્ર સરકારે નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP) હેઠળ વર્ષ 2026 સુધીમાં શહેરોમાં રજકણોની સાંદ્રતામાં (Reduction in Particulate Matter Concentration) 40% ઘટાડાનો નવો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે.

- આ અગાઉ સરકારે 2024 સુધીમાં પર્ટિક્યુલેટ મેટર 20 થી 30 ટકા ઓછુ કરી દેવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યુ હતું.
- 132 શહેરોમાં 2017 કરતા 2021માં પ્રદૂષણના કણ ઓછા કરવામાં સુધારો જોવા મળ્યો છે.
- NACP હેઠળ આવતા આ શહેરોએ સતત 2011થી 2015 સુધી રાષ્ટ્રીય ધોરણ પ્રાપ્ત કરવાના પ્રયાસો કર્યા હતા, છતાં સફળતા મેળવી ન હતી. આથી આ શહેરોને નોન એટનમેન્ટ યાદીમાં મુકવામાં આવ્યા હતા.
- નોંધનીય છે કે નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP) જાન્યુઆરી, 2019માં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MOEFCC) દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.



1. 'આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 સપ્ટેમ્બર (B) 29 સપ્ટેમ્બર (C) 30 સપ્ટેમ્બર (D) 1 ઓક્ટોબર (C)

2. 30 સપ્ટેમ્બર, 2022ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ભારતના પ્રસિદ્ધ અભિનેત્રી ............ને 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર'થી સન્માનિત કર્યા હતા. (52મો દાદા સાહેબ ફાળકે એવોર્ડ)

(A) સુશ્રી આશા પારેખ (B) સુશ્રી આશા ભોંસલે

(C) સુશ્રી હેમા માલિની (D) સુશ્રી રાની મુખર્જી (A)

3. 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ભારતનો સર્વોચ્ચ ફિલ્મ પુરસ્કાર છે.

2. આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂ. 10 લાખ રોકડા, સ્વર્ણ કમળ ચંદ્રક અને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવે છે.

3. 1969માં સૌપ્રથમ સુશ્રી દેવીકા રાણીને આ પુરસ્કાર એનાયત થયો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

4. ભારતીય ફિલ્મ ઉદ્યોગના પિતામહ 'શ્રી દાદા સાહેબ ફાળકે'નો જન્મ કયાં થયો હતો ?

(A) મુંબઈ (B) પૂણે (C) નાગપુર (D) ત્ર્યંબક (D)

5. તાજેતરમાં ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણ (B) જનરલ મનોજ મુકુંદ નરવાણે

(C) લેફ્ટનન્ટ જનરલ દલબિર સિંઘ સુહાગ (D) જનરલ બિક્રમ સિંઘ (A)

6. ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અંગે સૌપ્રથમ વખત કોણે વિચાર રજૂ કર્યો હતો ?

(A) લોર્ડ કેનિંગ (B) લોર્ડ વેલેસ્લી (C) લોર્ડ માઉન્ટ બેટન (D) લોર્ડ લિનલિથગો (C)

7. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ક્યારે ચીફ ઓફ ડિફેન્સ (CDS)ના સર્જન અંગે જાહેરાત કરી હતી ?

(A) 26 જાન્યુઆરી, 2018 (B) 15 ઓગસ્ટ, 2018

(C) 26 જાન્યુઆરી, 2019 (D) 15 ઓગસ્ટ, 2019 (D)

8. તાજેતરમાં કેન્દ્ર સરકારે નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP) હેઠળ વર્ષ 2026 સુધીમાં પર્ટિક્યુલેટ મેટર (PM) ..........ઘટાડાનો નવો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે.

(A) 40% (B) 32% (C) 21% (D) 17% (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 01 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ અથવા આંતરરાષ્ટ્રીય પ્રૌઢ દિવસ (International Day of Older Persons)
## (2) વિશ્વ શાકાહાર દિન (World Vegetarian Day)

### આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસને 'વિશ્વ પ્રૌઢ દિવસ' અથવા 'આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વૃદ્ધ લોકો સાથે થતા અન્યાયનો અંત લાવવાના ઉદ્દેશથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2022ના આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસની થીમ 'Resilience of older persons in a changing world' છે.

## WIPO દ્વારા પ્રસિદ્ધ થયેલા Global Innovation Index-2022માં ભારત 40મા ક્રમે

ટૂંકમાં WIPO તરીકે 'World Intellectual Property Organization' દ્વારા તાજેતરમાં Global Innovation Index (GII)-2022 નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.



- આ રિપોર્ટમાં ઈનોવેશનના આધારે 132 દેશોને રેન્ક આપવામાં આવ્યો છે.
- આ ઈન્ડેક્સમાં વિશ્વના 132 દેશોમાં ભારત 40મા ક્રમે છે.
- આ અગાઉ 2021માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત 46મા ક્રમે હતું.
- વર્ષ 2022માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ ક્રમે છે. જે છેલ્લા કેટલાક વર્ષોથી આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે છે.

## Global Innovation Index 2022 Rank

| Rank | Country | Rank | Country |
|---|---|---|---|
| 1 | સ્વિત્ઝર્લેન્ડ | 85 | શ્રીલંકા |
| 2 | યુનાઈટેડ સ્ટેટ્સ | 87 | પાકિસ્તાન |
| 3 | સ્વીડન | 102 | બાંગ્લાદેશ |
| 4 | યુનાઈટેડ કિંગ્ડમ | 111 | નેપાળ |
| 5 | નેધરલેન્ડ | 116 | મ્યાનમાર |
| 11 | ચીન | 131 | ઈરાક |
| 13 | જાપાન | 132 | ગિની |
| 40 | ભારત | | |

## ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2022 વિશે

ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ (GII) 'વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન' (WIPO) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. જે સંયુક્ત રાષ્ટ્રની એક વિશેષ એજન્સી છે.

- GIIનો ઉદ્દેશ વિશ્વની 132 અર્થવ્યવસ્થાના સંદર્ભમાં નવીનીકરણ રેન્કિંગ અને સમૃદ્ધિ વિશ્લેષણના બહુ–પરિમાણીય પાસાઓ પરની પકડ મજબૂત કરવાનો છે.
- આ રિપોર્ટ પોર્ટુલન્સ સંસ્થા અને અન્ય કોર્પોરેટ ભાગીદારો સાથે ભાગીદારીમાં પ્રકાશિત થાય છે, જેમાં બ્રાઝિલિયન નેશનલ કન્ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રી (CNI), કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII), ઈકોપેટ્રોલ (કોલંબિયા) અને તુર્કિશ એક્સપોર્ટર એસેમ્બલી (TIM)નો સમાવેશ થાય છે.
- વર્ષ 2022માં પ્રસિદ્ધ થયેલું આ 15મું GII Ranking હતું.
- આ ઈન્ડેક્સ વિશ્વની અર્થવ્યવસ્થાઓને તેમની નવીનતાની ક્ષમતા અનુસાર ક્રમ આપે છે.
- આ ઈન્ડેક્સની વર્ષ 2022ની થીમ 'ઈનોવેશન આધારિત વિકાસનું ભવિષ્ય શું છે ?' છે.

**નોંધ :** (1) WIPOની સ્થાપના વર્ષ 1967માં થઈ હતી. અને વર્ષ 1970માં તે અમલમાં આવ્યું હતું.

(2) તે સંયુક્ત રાષ્ટ્રની સૌથી જૂની એજન્સીઓમાંની એક છે.

(2) WIPO એ બૌદ્ધિક સંપદા (IP) સેવાઓ, નીતિ અને સહયોગ માટેનું વૈશ્વિક મંચ છે.

1. 'આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ' અથવા તો 'વિશ્વ પ્રૌઢ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 ઓક્ટોબર (B) 2 ઓક્ટોબર (C) 3 ઓક્ટોબર (D) 4 ઓક્ટોબર (A)

2. 'વિશ્વ શાકાહાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 ઓક્ટોબર (B) 2 ઓક્ટોબર (C) 3 ઓક્ટોબર (D) 4 ઓક્બર (A)

3. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2022'માં કુલ 132 દેશોમાં ભારત કયા ક્રમે છે ?

(A) 42 (B) 40 (C) 38 (D) 36 (B)

4. વર્ષ 2021માં પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2021'મા ભારત કયા ક્રમે હતું ?

(A) 46 (B) 40 (C) 52 (D) 58 (A)

5. 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2022'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) સ્વિત્ઝર્લેન્ડ (B) જાપાન (C) અમેરિકા (D) ચીન (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **ભારતે છોડ આધારિત માંસ ઉત્પાદનોની નિકાસ કરી**

APEDAએ શાકાહારી ખાદ્ય કેટેગરી હેઠળ ગુજરાતમાંથી કેલિફોર્નિયા, યુએસએમાં છોડ આધારિત માંસ ઉત્પાદનોના પ્રથમ કન્સાઈનમેન્ટની નિકાસની સુવિધા આપી છે. વેગન ફૂડ પ્રોડક્ટ્સ વિકસિત દેશોમાં તેમના સમૃદ્ધ ફાઈબર, ઉચ્ચ પોષક તત્વો અને નીચા કોલેસ્ટ્રોલ સ્તરને કારણે ખૂબ જ લોકપ્રિય છે. છોડ આધારિત માંસ ઉત્પાદનોની ભારતની પ્રથમ નિકાસ ગુજરાતમાં સ્થિત ભારતીય કંપની ગ્રીનેસ્ટ ફૂડ્સ દ્વારા કરવામાં આવી હતી. ગ્રીનેસ્ટ ફૂડ્સ અને હોલસમ ફૂડ્સના સહયોગથી આ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. શાકાહારી જીવનશૈલીને મોટા પાયે અપનાવવાથી છોડ આધારિત માંસ ઉત્પાદનોને પ્રોત્સાહન મળી શકે છે. નોંધનીય છે કે એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) એ નિકાસ વેપારને પ્રોત્સાહન આપવા માટે સંકળાયેલી સર્વોચ્ચ સરકારી સંસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી 36મી નેશનલ ગેમ્સનો પ્રારંભ કરાવ્યો**

ગુજરાતની યજમાનીમાં યોજાઈ રહેલી 36મી નેશનલ ગેમ્સનો પ્રારંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી કરાવ્યો છે. નેશનલ ગેમ્સનો શુભારંભ કરાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેશની પ્રગતિ અને વૈશ્વિક ફલક પર સન્માનનો રમત–ગમત સાથે સીધો સંબંધ છે. યુવાનો રાષ્ટ્ર ઘડતરમાં મહત્વનું યોગદાન આપે છે. જ્યારે સ્પોર્ટ્સ યુવાનોમાં ઉર્જા અને ઉત્તમ જીવન નિર્માણનો પ્રમુખ સ્ત્રોત બની રહી છે. આ પ્રસંગે 750થી વધુ કલાકારો દ્વારા 'જય જય ગરવી ગુજરાતની ગાથા' પ્રસ્તુત કરવામાં આવી હતી.

## ભારત

➤ **સફેદ માખી**

તાજેતરમાં પંજાબ અને રાજસ્થાન જેવા વિવિધ રાજ્યોમાં કપાસ પર સફેદ માખીના હુમલાની સંખ્યામાં વધારો થયો છે. સફેદ માખી કપાસની ગંભીર જીવાત છે. જે પાંદડાની નીચેની બાજુઓને નુકસાન પહોંચાડીને અને કપાસના પાંદડાના કર્લ વાયરસ જેવા રોગો ફેલાવીને ઉપજ ઘટાડે છે. તેઓ પાંદડાના રસ પર આધાર રાખે છે અને પાંદડા પર પ્રવાહી છોડે છે જેના પર કાળી ફૂગ ઉગે છે, તે પ્રકાશસંશ્લેષણને અસર કરે છે તથા છોડની ખોરાક બનાવવાની પ્રક્રિયા અને છોડની શક્તિ ઘટાડે છે. પ્રથમ નોંધાયેલ સર્પાકાર આકારની આક્રમક સફેદ માખી (Aleurodicus Dispersus) હવે સમગ્ર ભારતમાં જોવા મળે છે. સફેદ માખી ઉપજ ઘટાડે છે અને પાકને પણ નુકસાન પહોંચાડે છે. ભારતમાં લગભગ 1.35 લાખ હેક્ટર નારિયેળ અને પામ તેલના ક્ષેત્રો રુગોઝ રિપરલિંગ સફેદ માખીથી પ્રભાવિત છે.

➤ **દિબાંગ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ**

તાજેતરમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)એ 3000 મેગાવોટના દિબાંગ હાઈડ્રો–ઈલેક્ટ્રિક પ્રોજેક્ટને રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કરવાની પૂર્વ શરત પૂરી કર્યા વિના ફોરેસ્ટ ક્લિયરન્સની અનુદાન અંગે સ્વ–મોટો સંજ્ઞા લેતા કેસને ફગાવી દીધો છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે અરૂણાચલ પ્રદેશની માહિતીના આધારે એવો નિર્ણય લીધો હતો કે સ્થાનિક લોકો રાષ્ટ્રીય ઉદ્યાનની ઘોષણા માટે તેમની જમીન ફાળવવા તૈયાર ન હતા. તે અરૂણાચલ પ્રદેશમાં બ્રહ્મપુત્રા નદીની ઉપનદી, દિબાંગ નદી પર વિકસાવવા માટેનું એક પૂર નિયંત્રણ કમ હાઈડ્રો–ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ છે. આ ડેમ આશુ પાની અને દિબાંગ નદીઓના સંગમથી લગભગ 1.5 કિમી ઉપર અને રોઈંગથી લગભગ 43 કિમી દૂર આવેલો છે. આ પ્રોજેક્ટ ચોમાસાના સમયગાળા દરમિયાન દિબાંગ ડેમના નીચેના વિસ્તારોમાં 3000 ક્યુમેક્સની હદ સુધી પૂરમાં ઘટાડો કરશે. આ પ્રોજેક્ટ લગભગ 4 બિલિયન અમેરિકન ડોલર સાથે વિકસાવવામાં આવશે. દિબાંગ હાઈડ્રો–ઈલેક્ટ્રિક પ્રોજેક્ટથી વાર્ષિક 11,222 મિલિયન યુનિટ (MU) વીજળી ઉત્પન્ન થવાની ધારણા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ કાઝીરંગા નેશનલ પાર્કમાં રાઈનો સ્મારકનું ઉદ્‌ઘાટન

આસામના કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાં ગેંડાના શિંગડાઓમાંથી ભેગી કરેલી રાખમાંથી બનેલા સ્મારકનું તાજેતરમાં અનાવરણ કરવામાં આવ્યું હતું. ત્રણ ગેંડાની મૂર્તિઓ સાથેના સ્મારકને 'Abode of the Unicorns' નામ આપવામાં આવ્યું છે. તેમાં એક નર ગેંડા, એક માદા ગેંડા અને એક વાછરડું છે. આસામ સરકાર દ્વારા આશરે 2500 ગેંડાના શિંગડાઓમાંથી એકઠી કરેલી રાખનો ઉપયોગ કરીને ગેંડાની મૂર્તિઓ બનાવવામાં આવી છે. આ મૂર્તિઓ બળેલા શિંગડામાંથી મેળવેલી લગભગ 128 કિલો રાખનો ઉપયોગ કરીને બનાવવામાં આવી હતી. આ મૂર્તિઓ શિલ્પકાર બીજુ દાસ દ્વારા બનાવવામાં આવી હતી. જ્યારે ફોરેસ્ટ ગાર્ડની મૂર્તિઓ બિરેન સિંહા દ્વારા કોતરવામાં આવી હતી.

## ➤ બથુકમ્મા ઉત્સવ : તેલંગાણા

તેલંગાણામાં 25 સપ્ટેમ્બરથી 3 ઓક્ટોબર સુધી બથુકમ્મા ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. 2014માં રાજ્યની સ્થાપના થઈ ત્યારથી બથુકમ્મા તેલંગાણાના રાજ્ય તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. તે એક ફૂલ ઉતસવ છે જે મુખ્યત્વે તેલંગાણા અને આંધ્રપ્રદેશના ઘણા ભાગોમાં ઉજવવામાં આવે છે. આ નવ દિવસીય તહેવાર સાતવાહન કેલેન્ડરના આધારે ઉજવવામાં આવે છે અને સામાન્ય રીતે સપ્ટેમ્બર અથવા ઓક્ટોબરમાં ચોમાસાના ઉત્તરાર્ધ દરમિયાન શિયાળાની શરૂઆત પહેલા આવે છે. મહાલય અમાવસ્યા પર તહેવાર શરૂ થાય છે, જેને અંગીલી પૂલા બથુકમ્મા તરીકે પણ ઓળખવામાં આવે છે. બથુકમ્મા એટલે 'જીવનની દેવી'.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ બાંધવગઢના જંગલોમાં બૌદ્ધ ગુફાઓ જોવા મળી

ભારતીય પૂરાતત્વ સર્વેક્ષણ (ASI)એ મધ્યપ્રદેશના બાંધવગઢ ટાઈગર રિઝર્વમાં બૌદ્ધ ગુફાઓ અને સ્તૂપ શોધી કાઢ્યા છે. બૌદ્ધ ધર્મના મહાયાન સંપ્રદાયની 26 બૌદ્ધ ગુફાઓ મળી આવી છે, જે બીજી અને પાંચમી સદીની છે. ગુફાઓ અને તેમના કેટલાક અવશેષોમાં ચૈત્ય (ગુંબજ) દરવાજા અને પથ્થરની પથારીઓ મહાયન બૌદ્ધ સ્થળોની લાક્ષણિકતા હતી. બ્રહ્મી લિપીમાં 24 શિલાલેખો છે જે તમામ બીજી અને પાંચમી સદીના છે. શિલાલેખોમાં મથુરા અને કૌશામ્બી, પાવતા, વેજબરડા અને સપ્તનાયરિકા જેવા સ્થળનો ઉલ્લેખ છે. તે જે રાજાઓનો ઉલ્લેખ કરે છે તેમાં ભીમસેન, પોથાસિરી અને ભટ્ટદેવનો સમાવેશ થાય છે.

➤ **ઉત્તરપ્રદેશમાં ચોથા ટાઈગર રિઝર્વની જાહેરાત**

ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા ચોથા ટાઈગર રિઝર્વને તાજેતરમાં સૂચિત કરવામાં આવ્યું છે. રાજ્ય કેબિનેટે વાઈલ્ડલાઈફ (પ્રોટેક્શન) એક્ટ, 1972 હેઠળ ચિત્રકૂટ જિલ્લામાં રાનીપુર વન્યજીવ અભયારણ્ય (RWS) ખાતે ઉત્તરપ્રદેશના ચોથા વાઘ અનામતની સૂચનાને મંજૂરી આપી છે. રાનીપૂર અથવા રાણીપૂર ટાઈગર રિઝર્વ 589.89 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલુ છે, જેમાંથી 299.58 ચોરસ કિમી બફોર ઝોન તરીકે હશે અને બાકીનો કોર વિસ્તાર છે. વાઘ સંરક્ષણ માટે આ વિસ્તારમાં રાણીપુર ટાઈગર કન્ઝર્વેશન ફાઉન્ડેશનની પણ સ્થાપના કરવામાં આવશે.

➤ **13મી વૈશ્વિક સમિટ, 2022**

તાજેતરમાં કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રીએ 13મી ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) ગ્લોબલ સમિટ 2022નું ઉદ્ઘાટન કર્યુ હતું. આ સમિટની થીમ 'Education to Empbyability- Making it Happen' છે. આ સમિટ દેશના યુવાનો માટે શિક્ષણથી રોજગાર સુધીના માર્ગને સરળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## વિશ્વ

➤ **Global Financial Centres Index**

ગ્લોબલ ફાઈનાન્શિયલ સેન્ટર્સ ઈન્ડેક્સ (GFCI)ની 32મી આવૃત્તિમાં ન્યૂયોર્ક વિશ્વના સૌથી વધુ પસંદગીના નાણાકીય કેન્દ્ર તરીકે ટોચ પર છે. વિશ્વના ટોચના ત્રણ સૌથી વધુ પસંદગીના નાણાકીય કેન્દ્રો ન્યૂયોર્ક, લંડન અને સિંગાપોર છે. ન્યૂયોર્કે છેલ્લા ચાર વર્ષથી ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. ભારતમાં નવી દિલ્હી 68માં અને મુંબઈ 70માં ક્રમે છે. વૈશ્વિક નાણાકીય કેન્દ્ર સૂચકાંક અથવા ગ્લોબલ ફાઈનાન્શિયલ સેન્ટર્સ ઈન્ડેક્સ વિશ્વભરના મુખ્ય નાણાકીય કેન્દ્રોની સ્પર્ધાત્મકતાની તુલના કરે છે. તેની પ્રારંભિક આવૃત્તિ માર્ચ 2007માં પ્રકાશિત થઈ હતી. તે વર્ષમાં બે વાર પ્રકાશિત થાય છે.

➤ **Fridays for Future અભિયાન**

ફ્રાઈડે ફોર ફ્યુચર કાર્યકર્તાઓએ જર્મની અને અન્ય દેશોમાં ક્લાઈમેન્ટ ચેન્જ વિરોધ શરૂ કર્યો છે. ફ્રાઈડે ફોર ફ્યુચર અભિયાનમાં સમગ્ર જર્મનીના 270 થી વધુ શહેરો અને નગરોમાં 2,80,000 થી વધુ લોકોએ ભાગ લીધો હતો. વિરોધીઓ ગ્લોબલ વોર્મિંગને રોકવાની હાકલ કરી રહ્યા છે અને નવીનીકરણીય ઉર્જાના ઉપયોગને વિસ્તૃત કરવા માટે જર્મન સરકારને 10 બિલિયન યુરો ફંડ સ્થાપવા હાકલ કરી રહ્યા છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE ? Questions

- 36મી નેશનલ ગેમ્સનું યજમાન રાજ્ય કયું છે ? – ગુજરાત
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્ટેડિયમ ખાતેથી 36મી નેશનલ ગેમ્સનો પ્રારંભ કરાવ્યો છે ? – નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ
- ભારતે કયા રાજ્યમાંથી છોડ આધારિત માંસ ઉત્પાદનોની વિદેશમાં નિકાસ કરી છે ? – ગુજરાત
- ગ્લોબલ ફાઈનાન્શિયલ સેન્ટર્સ ઈન્ડેક્સની 32મી આવૃત્તિમાં કયું શહેર વિશ્વના સૌથી વધુ પસંદગીના નાણાકીય કેન્દ્ર તરીકે ટોચ પર છે ? – ન્યૂયોર્ક
- Friday for Future અભિયાન શેને લગતું છે ? – ક્લાઈમેન્ટ ચેન્જ
- તાજેતરમાં ચર્ચામાં રહેલ દિબાંગ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ કયા રાજ્ય સાથે સંબંધિત છે ? – અરૂણાચલ પ્રદેશ
- તાજેતરમાં કયા નેશનલ પાર્કમાં રાઈનો સ્મારકનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – કાઝિરંગા
- બથુકમ્મા ઉત્સવ કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – તેલંગાણા
- તાજેતરમાં ASIએ મધ્યપ્રદેશના ...........માં બૌદ્ધ ગુફાઓ અને સ્તુપ શોધી કાઢયા છે. – બાંધવગઢ ટાઈગર રિઝર્વ
- તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં કેટલામાં ટાઈગર રિઝર્વની જાહેરાત કરવામાં આવી હતી ? – ચોથા
- તાજેતરમાં કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રીએ કેટલામી ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) ગ્લોબલ સમિટ 2022નું ઉદ્‌ઘટાન કર્યુ હતું ? – 13મી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRS) રિપોર્ટ 2020 અનુસાર, 2020માં ભારતમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો મૃત્યુદર કેટલો છે ? – 32
2. ભારતે કયા રાજ્યમાંથી છોડ આધારિત માંસ ઉત્પાદનોની પ્રથમ નિકાસ કરી હતી ? – ગુજરાત
3. તાજેતરમાં લોન્ચ કરાયેલ ભારતીય સાઈન લેંગ્વેજ ડિક્શનરી મોબાઈલ એપ્લિકેશનનું નામ શું છે ? – સાઈન લર્ન એપ

(સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે 'સાઈન લર્ન'નામની ભારતીય સાઈન લેંગ્વેજ (ISL) ડિક્શનરી મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી છે. તે ભારતીય સાઈન લેંગ્વેજ ડિક્શનરી ઓફ ઈન્ડિયન સાઈન લેંગ્વેજ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (ISLRTC) પર આધારિત છે. જેમાં 10,000 શબ્દો છે.)

4. કયા દેશે ચંદ્ર પર 'ચેન્જસાઈટ–(Y)'નામનું 'લુનર ક્રિસ્ટલ' શોધ્યુ છે ? – ચીન
5. 'સ્વચ્છ હવા સર્વેક્ષણ' કાર્યક્રમ કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવે છે ? – પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય
6. સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRS) રિપોર્ટ અનુસાર, 2018-20માં ભારતમાં કયા રાજ્યમાં સૌથી ઓછો લિંગ ગુણોત્તર હતો ? – ઉત્તરાખંડ
7. કયા કેન્દ્રીય મંત્રાલયે 'ક્લીન ટોયકેથોન' કાર્યક્રમ શરૂ કર્યો છે ? – આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય
8. કયા રાજ્યએ રાખનો ઉપયોગ કરીને ગેંડાઓ માટે 'એબોડ ઓફ ધ યુનિકોર્ન' નામનું સ્મારક બનાવ્યું છે ? – આસામ
9. તાજેતરના અભ્યાસ મુજબ કઈ પ્રજાતિઓ સામૂહિક રીતે વિશ્વભરમાં લગભગ 12 મિલિયન ટન શુષ્ક કાર્બન ધરાવે છે ? – કીડી
10. તાજેતરમાં સમાચારમાં આવેલી 'આઈઈન્વેન્ટિવ' ઈવેન્ટ શું છે ? – સંશોધન અને વિકાસ મેળો
11. તામીરાપાની નદી કયા રાજ્યમાં છે, જે તાજેતરમાં સમાચારોમાં હતી ? – તમિલનાડુ
12. 28 સપ્ટેમ્બર, 2022ના રોજ સમગ્ર ભારતમાં શ્રી ભગત સિંહની કેટલામી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી ? – 115

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. કેન્દ્રીય MSME મંત્રાલય દ્વારા આયોજિત રાષ્ટ્રીય SC-ST હબ કોન્કલેવનું કયું રાજ્ય યજમાન છે ? – ગુજરાત

14. 'ઓપરેશ ગરુડ' જે તાજેતરમાં સમાચારોમાં હતું, તે કઈ સંસ્થા સાથે સંકળાયેલું છે ? – CBI

(CBI દ્વારા ગેરકાયદેસર ડ્રગ હેરફારના નેટવર્ક સામે બહુ–તબક્કાનું 'ઓપરેશન ગરુડ' શરૂ કરવામાં આવ્યું છે.)


15. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)ની સંકલિત ક્રાયોજેનિક એન્જિન મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું કયા શહેરમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – બેંગ્લોર

16. કયા રાજ્યએ રાજ્યનો જનજાતિનો જ્ઞાન કોશ બહાર પાડ્યો છે ? – ઓડિશા

17. ભારતની પ્રથમ ડિજિટલી સાક્ષર પંચાયત પુલમપુરા કયા રાજ્યમાં આવેલી છે ? – કેરળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



છેલ્લી ઘડીએ વિજય
Dy.S.O
CURRENT AFFAIRS
FAST & FURIOUS
03-10-2022
LIVE
7:30 PM
INSTITUTE FOR COMPETITIVE EXAMS
HARSHIT SIR




Offline Batch
સફળતાની સંપૂર્ણ તૈયારી
GPSC
(Class-1/2)
DISCOUNT 20%
15/9/2022 સુધી
Time 8 to 10am
FREE Registration for Demo
GPSCમાં ICEના 170થી વધુ સફળ અધિકારીશ્રીઓ
ફ્રી 8 DAYS DEMO LECTURE
બેચની વિશેષતા
Prelim + Mains + Interview
બેઝિકથી ડેપ્થ સુધીની સંપૂર્ણ તૈયારી
GPSCની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ
UPSC લેવલ Detail Study Materials
કરંટ અફેર્સના સ્પેશિયલ લેક્ચર
Weekly Test + Mock Test
ICEONLINE
FREE APPLICATION
My Courses
INSTITUTE FOR COMPETITIVE EXAMS
કાલાવડ રોડ,
તિરૂપતી પેટ્રોલ પંપ સામે,
રાજકોટ
93757 - 01110
93280 - 01110

**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

ICE®

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
| --- | --- |
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
| --- | --- |
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
| --- | --- |
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
| --- | --- |
| icerajkot | ICE® MAGIC<br>WEEKLY CURRENT AFFAIRS<br>Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ **Social Media Icon** પર **Click** કરો.